RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા સુદ -૯ મંગળવાર, તા.૨૭-૦૧-૨૦૨૬ અંક : ૧૭૩ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# ભારત અને યુરોપ વચ્ચે મુક્ત વેપાર કરાર માટે થઈ સમજૂતી

## યુરોપિયન યુનિયન સાથેની બેઠકમાં મુક્ત વેપાર કરાર, ડિફેન્સ સહિતના મહત્વના મુદ્દાઓ ઉપર થઈ હકારાત્મક ચર્ચા : આજે ટ્રેડ ડીલ સહિતના કરારો અંગે થશે સત્તાવાર જાહેરાત

નવી દિલ્હી

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરીફ પોલિસીના જવાબમાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે આજે એક ઐતિહાસિક ફ્રી-ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. જેમાં અનેક ક્ષેત્રે વેપાર અંગે સમજૂતીઓ થશે. યુરોપિયન કાઉન્સિલના વડા એન્ટોનિયો કોસ્ટાએ આ એગ્રીમેન્ટ મુદ્દે ઉત્સાહ વ્યક્ત કર્યો છે.ભારત અને યુરોપીયન પ્રતિનિધિ મંડળ વચ્ચે મળેલી બેઠકમાં અનેક મુદ્દાઓ પર સહમતિ થઈ છે.



એન્ટોનિયો કોસ્ટા યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન રહ્યા હતાં. એક મીડિયા સંસ્થા સાથે ઈન્ટરવ્યું દરમિયાન કોસ્ટાએ કહ્યું ભારત અને યુરોપીયન યુનિયન સાથે મળીને વૈશ્વિક મંચ પર સ્થિરતા અને વિશ્વસનીયતા પ્રદાન કરનારા સાથીઓ તરીકે કામ કરી શકે છે અને વધતી જતી જીઓ-ઈકોનોમિક અશાંતિનો સામનો કરી શકે છે. વેપારમાં નિયમો-આધારિત વ્યવસ્થા જાળવી શકે છે.

કોસ્ટાએ કહ્યું કે બંને પક્ષો વચ્ચે વધતા સિક્યુરિટી અને ડિફેન્સ સહયોગને કારણે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં સુરક્ષા જાળવવા, ઈન્ડો-પેસિફિક અને એટલાન્ટિક વચ્ચે મુક્ત વેપાર સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ છે.

ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેસનલ્સને યુસમાં પ્રવેશ મુદ્દે પણ બંને પક્ષોએ કરાર થઈ શકે છે. કોસ્ટાએ કહ્યું યુરોપ અને ભારત વધુને વધુ નજીકના ભાગીદાર બને તે જરૂરી છે.

આજે એક સમિટમાં ભારત અને યુરોપ વચ્ચે વેપાર, સિક્યુરિટી- ડિફેન્સ, ક્લાઈમેટ ચેન્જ, ટેકનોલોજી અને રૂલ-બેઝ્ડ ગ્લોબલ ઓર્ડર મજબૂત બનાવવા અંગે કરારની જાહેરાત કરવામાં આવશે. યુએસ અને ચીન પર નિર્ભરતા ઘટાડવા અને અન્ય પ્રદેશો સાથે તેના રાજદ્વારી અને આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે આ કરાર ખુબજ મહત્વનો રહેશે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમિટમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાનું સ્વાગત કરશે. યુરોપિયન કમિશનના પ્રમુખ વોન ડેર લેયેને ગયા અઠવાડિયે કહ્યું હતું કે ભારત અને યુરોપીયન યુનિયન એક "ઐતિહાસિક વેપાર કરાર"કરવાની ખુબજ નજીક છે, આ કરાર બે અબજ લોકોના બજારને અસર કરશે.

નોંધનીય છે કે યુરોપ ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, વર્ષ ૨૦૨૪ માં બંને પક્ષોએ વેપાર ૧૨૦ બિલિયનના માલ સમાનનો વેપાર કર્યો હતો, જે ભારતના કુલ વેપારના ૧૧.૫% છે. ૨૦૨૩ માં બંને પક્ષો વછે સર્વિસ સેક્ટરમાં સર્વિસ વેપાર ૫૯.૭ બિલિયનનો હતો.

# કર્ણાટક : મ્યુનિસિપલ કમિશનરને ધમકાવી ગાળો આપવા મામલે કોંગ્રેસના નેતાની ધરપકડ

## નેતાના ફોટાવાળું પોસ્ટર હટાવતા કોંગ્રેસના નેતાએ ફોન પર આપી હતી ગાળો અને ધમકી

શિડ્લઘટ્ટા

કર્ણાટકના શિડ્લઘટ્ટા મ્યુનિસિપલ કમિશનર અમૃતા ગૌડાને અપશબ્દ કહેવા અને ધમકાવવાના આરોપી કોંગ્રેસ નેતા રાજીવ ગૌડાની કેરળથી ધરપકડ કરવામાં આવી છે. ચિક્કાબલ્લાપુર જિલ્લાના પોલીસ અધિકારી કુશલ ચૌકસીએ આ માહિતી આપી છે. ચૌકસીએ પીટીઆઈના જણાવ્યાં પ્રમાણે તેમને ધરપકડ કરી લેવામાં આવી હતી.આ ઘટના કર્ણાટકના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી શકે છે.



રાજીવ ગૌડા પર શિડ્લઘટ્ટા મ્યુનિસિપલ કમિશનર અમૃતા ગૌડાને ગાળો આપવા અને ધમકી આપવાનો આરોપ લાગ્યો છે. મહત્વની વાત તો એ છેકે, રાજીવ ગૌડા પોતે કોંગ્રેસ પાર્ટીના સીનિયર નેતા છે. આ કેસ બાદ તે ફરાર થઈ ગયાં હતા. કારણે કેરળ સુધી પોલીસ પહોંચી અને તેમની ધરપકડ કરી લીધી છે. ચિકબલ્લાપુરા પોલીસે તેમની ધરપકડ કરીને આગળની તપાસ શરૂ કરી દીધી છે.

૧૩ જાન્યુઆરીના રોજ કોંગ્રેસ નેતા રાજીવ ગૌડાએ શિડ્લઘટ્ટા શહેરના એક વ્યસ્ત ચોક પરથી પોતાના ફોટાવાળું બેનર હટાવવા બદલ અમૃતા ગૌડાને ફોન કર્યો અને આનું પરિણામ ભારે આવશે તેવી ધમકી આપી હતી. માત્ર ધમકી જ નહીં પરંતુ રાજીવ ગૌડાએ ફોન પર અપશબ્દો પણ બોલ્યાં હતાં. જેથી આ મામલે પોલીસે તેની સામે કાર્યવાહી કરી અને અટકાયત કરી લીધી છે.

રાજીવ ગૌડાએ શિડ્લઘટ્ટા મતવિસ્તારમાંથી કોંગ્રેસની ટિકિટ પર ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી લડી હતી, પરંતુ તેઓ હારી ગયા હતા. એફઆઈઆર દાખલ થયા પછી કોંગ્રેસ નેતા ભાગી ગયા હતા, પરંતુ સોમવારે કેરળમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી.



સમગ્ર વિશ્વ હાલમાં આબોહવા પરિવર્તનની વિષમ સ્થિતિનો સામનો કરી રહ્યું છે.વિશ્વના કેટલાક દેશોમાં ગરમી પડી રહી છે,ક્યાંક વરસાદ તો ક્યાંક હિમવર્ષાથી જનજીવન ખોરવાયું છે.આવી જ વિષમ સ્થિતિમાં બરફની વચ્ચે રસ્તો શોધી લોકો ચાલી રહ્યા છે.

# દુનિયાના સૌથી જૂના અને મોટા લોકતંત્રના સ્વરૂપે અમેરિકા અને ભારતના સંબંધો ઐતિહાસિક : ટ્રમ્પ

## ભારતને ૭૭માં પ્રજાસત્તાક પર્વની અમેરિકાના પ્રમુખે શુભેચ્છા આપી બંને દેશના સંબંધોને ઐતિહાસિક ગણાવ્યા

નવી દિલ્હી

ભારતમાં ૭૭મા પ્રજાસત્તાક દિવસે દુનિયાભરના દેશોએ શુભેચ્છા પાઠવી હતી. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બંને દેશોના ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કરતાં ભારત અને અમેરિકાને દુનિયાના સૌથી જૂના અને સૌથી મોટા લોકતંત્ર ગણાવ્યું.

અમેરિકાના દૂતાવાસ તરફથી ડોનાલ્ડ ટ્રમ્પનો શુભેચ્છા મેસેજ સોશિયલ મીડિયામાં પર કરવામાં આવ્યો છે. જેમાં ટ્રમ્પે લખ્યું કે, "સંયુક્ત રાજ્ય અમેરિકાની જનતા તરફથી ભારત સરકાર અને ભારતના લોકોને ૭૭મા પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. દુનિયાના સૌથી જૂના અને મોટા લોકતંત્રના સ્વરૂપે અમેરિકા અને ભારતના સંબંધો ઐતિહાસિક છે."

ટ્રમ્પના નિવેદન બાદ, યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે પણ પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી. તેમણે કહ્યું કે, "તેઓ પહેલીવાર ભારતના પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેવાનું સન્માન અનુભવી રહ્યા છે. ભારતીય આકાશ ઉપર ઉડતા અમેરિકન બનાવટના વિમાનોને જોવું એ યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત વચ્ચેની મજબૂત રાજકીય ભાગીદારીનું શક્તિશાળી પ્રતીક છે."

નોંધનીય છે કે, ગત પ્રજાસત્તાક દિવસથી લઈને આ પ્રજાસત્તાક દિવસ સુધી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર ફેરફાર થયા છે. ટ્રમ્પના બીજા કાર્યકાળના પહેલા વર્ષમાં, અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો હતો, અને બંને દેશો વચ્ચે મતભેદ રહ્યા હતા. ટ્રમ્પે ખુલ્લેઆમ ભારતની અર્થવ્યવસ્થાને મૃત ગણાવી હતી. આ પછી, વડાપ્રધાન મોદીએ પણ ખુલ્લેઆમ કહ્યું હતું કે, તેઓ ભારતના ખેડૂતોના હિત માટે વ્યક્તિગત નુકસાનનો પણ વિચાર કરશે નહી.

# સામૂહિક વિનાશના હથિયારો જ રાષ્ટ્રીય સુરક્ષાની એકમાત્ર ગેરંટી

## રશિયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અને રશિયન સિક્યોરિટી કાઉન્સિલના ડેપ્યુટી ચેરમેન દિમિત્રી મેદવેદેવના નિવેદનથી વિશ્વના રાજકારણમાં ખળભળાટ

મોસ્કો

રશિયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અને રશિયન સિક્યોરિટી કાઉન્સિલના ડેપ્યુટી ચેરમેન દિમિત્રી મેદવેદેવે વિશ્વ રાજકારણમાં એક નિવેદન આપીને ખળભળાટ મચાવી દીધો છે. રશિયાના પ્રતિષ્ઠિત અખબાર 'કોમર્સન્ટ'ને આપેલા ઈન્ટરવ્યુમાં મેદવેદેવે દાવો કર્યો છે કે, 'સામૂહિક વિનાશના હથિયારો જ રાષ્ટ્રીય સુરક્ષાની એકમાત્ર પક્કી ગેરંટી છે.' તેમણે ચેતવણી આપી છે કે વિશ્વમાં વધી રહેલી અસ્થિરતાને જોતા આગામી સમયમાં વધુને વધુ દેશો પરમાણુ હથિયાર મેળવવાની દિશામાં આગળ વધશે.

મેદવેદેવે પરમાણુ શસ્ત્રોના પ્રસાર પર નિરાશા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'વિશ્વ વ્યવસ્થામાં તિરાડ પડી છે, જે ઘણા દેશોને પોતાની રક્ષા માટે સૌથી અસરકારક રસ્તો શોધવા મજબૂર કરી રહી છે. કેટલાક દેશો નક્કી કરશે કે સૌથી શ્રેષ્ઠ વિકલ્પ પરમાણુ હથિયાર મેળવવાનો છે. ઘણા દેશો પાસે મિલિટ્રી ન્યુક્લિયર પ્રોગ્રામ ચલાવવાની ટેકનિકલ ક્ષમતા છે અને કેટલાક સંશોધન કરી રહ્યા છે. આ કદાચ માનવજાતના હિતમાં ન હોય, પરંતુ સત્ય એ છે કે માનવજાતે હજુ સુધી પોતાની રક્ષાની ગેરંટી આપવા માટે પરમાણુ હથિયાર સિવાય બીજો કોઈ રસ્તો શોધ્યો નથી.

# ઈરાન ઉપર અમેરિકાની હુમલાની તૈયારી : ઈરાનમાં ભરેલો અગ્નિ

## અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર અને અન્ય યુદ્ધ જહાજો મિડલ ઈસ્ટ પહોંચી ગયા : હુમલાની સ્થિતિમાં ઈરાનનું સૈન્ય પણ વળતો ઘા કરવા તૈયાર

નવી દિલ્હી,

ઈરાનમાં સત્તાધીશો વિરુદ્ધ થઈ રહેલા હિંસક આંદોલન વચ્ચે અમેરિકાના હુમલાની શક્યતા વધી ગઈ છે. અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર અને અન્ય યુદ્ધ જહાજો મિડલ ઈસ્ટ પહોંચી ગયા છે. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર અમેરિકાની સેના ગમે તે સમયે ઈરાન પર હુમલો કરી શકે છે. અમેરિકાની નૌસેનાનું અબ્રાહમ લિંકન સ્ટ્રાઈક ગ્રુપ અમેરિકન સેન્ટ્રલ કમાન્ડમાં પહોંચી ગયું છે. એવામાં ઈરાનમાં પણ સેના સતત હાઈ એલર્ટ પર છે. અમેરિકાની સેનાનું કહેવું છે કે ક્ષેત્રીય સુરક્ષા અને સ્થિરતા વધારવા માટે એરક્રાફ્ટ કેરિયર અને યુદ્ધ જહાજો મિડલ ઈસ્ટમાં તૈનાત કરાયા છે. પરમાણુ બોમ્બના ભયનો અંત : ઈરાનની પરમાણુ ક્ષમતાને નષ્ટ કરી કરીને અમેરિકા લાંબાગાળા માટે સુરક્ષિત થઈ શકે ઓઈલ અને ગેસ પર નિયંત્રણ : સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી દુનિયાનું ૨૦ ટકા ઓઈલ પસાર થાય છે. ત્યાં અમેરિકાનો સીધો પ્રભાવ સ્થાપિત થઈ જાય.

અમેરિકા ઈચ્છે છે કે ઈરાનમાં એવી સરકાર રહે જે પશ્ચિમી દેશો સાથે મિત્રતા રાખે તથા રશિયા અને ચીનથી દૂર રહે.

# ઈ-કોમર્સ કંપની એમેઝોન ૧૬૦૦૦ કર્મચારીઓની છટણી કરશે

## એમેઝોનના નિર્ણયથી બેંગલુરુ અને હૈદરાબાદ જેવા આઈટી હબમાં કામ કરતા કર્મચારીઓમાં ફફડાટ



નવી દિલ્હી,

વૈશ્વિક ઈ-કોમર્સ દિગ્ગજ એમેઝોન ફરી એકવાર મોટા પાયે કર્મચારીઓની કાપ મૂકવાની તૈયારી કરી રહ્યું છે. ૨૦૨૬ના વર્ષની શરૂઆતમાં જ ટેક ક્ષેત્ર માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કંપની પોતાના કોર્પોરેટ માળખાને ફરીથી સંગઠિત કરવા માટે હજારો કર્મચારીઓને પિંક સ્લિપ આપી શકે છે. આ નિર્ણયની સૌથી વધુ અસર ભારત જેવા દેશોમાં કામ કરતી ટીમો પર પડવાની આશંકા છે, જેના કારણે બેંગલુરુ અને હૈદરાબાદ જેવા આઈટી હબમાં કામ કરતા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

એમેઝોન ૨૭ જાન્યુઆરીથી છટણીના નવા રાઉન્ડની શરૂઆત કરી શકે છે. આ વખતે અંદાજે ૧૬,૦૦૦ કર્મચારીઓની નોકરી જઈ શકે છે. ખાસ કરીને એમેઝોન વેબ સર્વિસીસ અને પ્રાઈમ વિડિયો જેવા મહત્વના વિભાગો આ કાપની ઝપેટમાં આવી શકે છે. કંપનીના આ રી-સ્ટ્રક્ચરિંગ પ્લાન હેઠળ ૨૦૨૬ના મધ્ય સુધીમાં કુલ ૩૦૦૦૦ જેટલા કોર્પોરેટ જગ્યા ખતમ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેમાંથી ૧૪૦૦૦ જગ્યા અગાઉ જ ઘટાડી દેવામાં આવ્યા છે.

એમેઝોનની આ છટણીમાં ભારત એક મહત્વનું કેન્દ્ર હોવાનું મનાય છે. બેંગલુરુ, હૈદરાબાદ અને ચેન્નાઈમાં કાર્યરત એમેઝોનની કોર્પોરેટ ટીમો અને એચઆર વિભાગ પર આ છટણીની સીધી અસર પડી શકે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે [illegible] અને [illegible] પર કર્મચારીઓ વચ્ચે ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, મેનેજરોએ પહેલેથી જ સંકેતો આપવાનું શરૂ કરી દીધું છે. ખાસ કરીને જે કર્મચારીઓ પરફોર્મન્સ ઈમ્પ્રૂવમેન્ટ પ્લાન હેઠળ છે, તેમને સૌથી પહેલા જાણ કરવામાં આવે તેવી શક્યતા છે.

એમેઝોનના સીઈઓ એન્ડી જેસીના જણાવ્યા અનુસાર, આ છટણી કોઈ આર્થિક તંગી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે નથી લેવામાં આવી રહી. કંપનીનું માનવું છે કે મેનેજમેન્ટમાં જરૂર કરતા વધારે લેયર્સ બની ગયા છે, જેના કારણે નિર્ણય લેવામાં વિલંબ થાય છે અને કામની ગતિ ધીમી પડે છે. આથી, કંપની વચ્ચેના મેનેજમેન્ટ સ્તરો ઘટાડીને કામગીરીને વધુ ઝડપી બનાવવા માંગે છે. જોકે, નિષ્ણાતો માને છે કે એચઆર અને કસ્ટમર સપોર્ટ જેવા ક્ષેત્રોમાં વધી રહેલું ઓટોમેશન પણ આ છટણી પાછળનું એક પરોક્ષ કારણ હોઈ શકે છે.

# સમાજની પ્રગતિનો એક માત્ર માર્ગ શિક્ષણ અને વ્યસનમુક્તિ

## ગાંધીનગર ખાતે યોજાયેલ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજના મહા સંમેલનમાં આગેવાનોની સમાજના સર્વાંગી વિકાસ માટે પરિવર્તનની હાકલ

ગાંધીનગર,

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજના ઉત્થાન અને યુવાશક્તિને જાગૃત કરવાના ઉમદા હેતુ સાથે ગાંધીનગરના રામકથા મેદાન ખાતે 'અભ્યુદય મહાસંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનની સૌથી ખાસ વાત એ રહી કે, ઠાકોર સેનાના આહવાન પર સમાજના હજારો લોકો અડધી રાત્રે ૩ વાગ્યાથી જ મેદાનમાં એકત્રિત થવા લાગ્યા હતા.

આ મહાસંમેલનમાં પક્ષ-વિપક્ષના ભેદ ભૂલીને સમાજના રાજકીય માંધાતાઓ એક મંચ પર જોવા મળ્યા હતા. અલ્પેશ ઠાકોર, ગેનીબેન ઠાકોર, કેબિ નેટ મંત્રી રમણસિંહ સોલંકી, ધવલસિંહ ઝાલા, બળદેવજી ઠાકોર અને શોભનાબેન બારૈયા સહિતના આગેવાનોએ હાજરી આપી હતી. તમામ નેતાઓએ એકસૂરે સ્વીકાર્યું હતું કે સમાજની પ્રગતિનો એકમાત્ર માર્ગ શિક્ષણ અને વ્યસનમુક્તિ છે.

ઠાકોર સમાજના સંમેલનમાં સંબોધન કરતાં અલ્પેશ ઠાકોરે કહ્યું કે, 'આ સંમેલન રાત્રે ૩ વાગ્યે બોલાવવા પાછળ અનેક શંકાઓ હતી, પરંતુ ઠાકોર સમાજની આ એકતા ૧૫ વર્ષના સંઘર્ષનું પરિણામ છે. આજે સરકારના મંત્રીઓથી લઈને ધારાસભ્યો એક મંચ પર છે તે સમાજની વધતી તાકાત દર્શાવે છે.'

સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, 'આપણો સમાજ હવે પટાવાળા કે સિક્યુરિટી ગાર્ડની નોકરીમાંથી બહાર આવીઁછજીઁ-જી બને તે જરૂરી છે. દીકરીઓના લગ્ન ૧૨મા ધોરણ પછી જ કરાવવાનો સંકલ્પ લેવો જોઈએ. દરેક તાલુકામાં દીકરીઓ માટે હોસ્ટેલ બનાવવી એ સમયની માંગ છે.'

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી થઈ હતી. લોકગાયક કીર્તિદાન ગઢવી અને રાકેશ બારોટના ગીતો પર યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સંમેલનના અંતે અડાલજ ખાતે નિર્માણ પામનાર 'શ્રી સરસ્વતી ધામ' પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી અને તેનું વિધિવત ભૂમિપૂજન કરાયું હતું. આ ધામ આગામી સમયમાં સમાજના બાળકો માટે શિક્ષણનું કેન્દ્ર બનશે.

આ સંમેલનમાં બળદેવજી ઠાકોરે જણાવ્યું હતું કે, 'દેશની આઝાદી અને જે.પી. આંદોલન પછી આ ત્રીજી એવી ઘટના છે જ્યાં જનમેદની અડધી રાત્રે જાગૃત થઈને એકઠી થઈ છે. આમાંથી આપણે કંઈક શીખવાનું છે અને જાગૃત બનવાનું છે. આ પરિવર્તનના સંકેત છે.'

# અમદાવાદના કેડીલા બ્રિજ પર લોખંડના સળિયા ભરેલા પિકઅપ પાછળ કાર ઘુસી ગઈ

## લોખંડના સળિયા કારમાં ઘૂસી ગયા છતાં સદનસીબે કોઈ જાનહાનિ ન થઈ

અમદાવાદ,

અમદાવાદના પૂર્વ વિસ્તારના પ્રવેશદ્વાર સમાન ગણાતા વ્યસ્ત કેડિલા બ્રિજ પર લોખંડના સળીયા ભરીને જતી પીકઅપ વાન પાછળ કાર ઘુસી ગઈ હતી.આ ઘટનામાં સદનસીબે કારમાં બેઠેલા લોકોનો બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, બ્રિજ પર ટ્રાફિક વચ્ચે પસાર થઈ રહેલી સળીયા ભરેલી પીકઅપ વાને અચાનક બ્રેક મારતા પાછળ પૂરપાટ ઝડપે આવી રહેલી કાર પીકઅપ વાન સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે પીકઅપમાં ભરેલા અણીદાર લોખંડના સળીયા કારના આગળના કાચને ચીરીને સીધા સીટ સુધી ઘૂસી ગયા હતા.

સળીયા ડ્રાઈવરની સીટની બિલકુલ બાજુમાંથી પસાર થઈ ગયા હતા. જો સળીયા થોડા પણ ત્રાંસા હોત તો કાર ચાલક કે સવાર વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હોત. ઘટનાસ્થળે હાજર લોકો પણ આ દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે આટલા ગંભીર અકસ્માત બાદ પણ માત્ર કાર ચાલક અને સવારને સામાન્ય ઈજાઓ જ થઈ છે અને કોઈ જાનહાનિ થઈ નથી. આ અકસ્માતને પગલે કેડિલા બ્રિજ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચીને વાહનોને ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. આ ઘટનાએ ફરી એકવાર માલવાહક વાહનોમાં જોખમી રીતે લોખંડના સળીયા લટકાવીને ચાલતા ચાલકો અને તેમની સામે લેવાતા પગલાં પર સવાલો ઉભા કર્યા છે.

# અમદાવાદમાં ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ભંગારની ચોરી મામલે ત્રણ શખ્સની ધરપકડ

## ઉત્તરાયણની રજાનો લાભ લઈને તસ્કરોએ હાથફેરો કર્યો હતો : પોલીસે ૧૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો

અમદાવાદ,

અમદાવાદના ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ભંગાર સામાનની ચોરી કરનાર ત્રણ શખ્સની પોલીસે મુદ્દામાલ સાથે ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે. ઓઢવ પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી ત્રણ એવા આરોપીઓની ધરપકડ કરી છે, જેમણે ઉત્તરાયણના તહેવાર બાદ મોડી રાત્રે એક ફેક્ટરીનું શટર તોડીને મોટાપાયે ભંગારની ચોરી કરી હતી.

સમગ્ર મામલે પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસની પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી છે કે તેઓ રાત્રિના અંધકારનો લાભ લઈ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારને નિશાન બનાવતા હતા.

ચોરીમાં વપરાયેલી આઈસર ગાડી પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસ માહિતી આપતા જણાવ્યું હતું કે, ઓઢવ પોલીસે આરોપીઓ પાસેથી અલગ-અલગ ધાતુનો કુલ ૧૫૨૫ કિલોગ્રામ ભંગાર કબજે કર્યો છે, જેની બજાર કિંમત અંદાજે રૂપિયા ૧.૧૭ લાખ જેટલી થાય છે.

ચોરીના માલની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ આઈસર ગાડી સહિત પોલીસે કુલ રૂપિયા ૧૩,૧૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# સુરતના લિંબાયતમાં દૂધમાં ઝેર આપ્યા બાદ ગળું દબાવી પત્નીએ કરી પતિની હત્યા

## પતિના શારીરિક અત્યાચારથી ત્રાસેલી પત્નીએ ખેલ્યો ખૂની ખેલ : મહિલાની ધરપકડ

સુરત,

સુરતના લિંબાયતમાં પત્નીએ પતિની હત્યા નીપજાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પતિ દ્વારા સેક્સવર્ધક દવાઓ લઈને પત્ની પર ગુજારવામાં આવતા શારીરિક ત્રાસથી કંટાળીને પત્નીએ હળદરવાળા દૂધમાં ઝેર આપીને પતિનું ગળું દબાવી દીધું હતું. મૃતકની દફનવિધિ સમયે સમગ્ર ભાંડો ફૂટતાં પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, સુરતના લિંબાયત વિસ્તારમાં હૈદરઅલી નામના શખસનું તેની પત્ની ઈશરત જહાને હત્યા કરી હતી. પતિની હત્યા મામલે પત્નીએ જણાવ્યું હતું કે, 'મારા પતિ મુંબઈમાં નોકરી કરતા હતા અને તેઓ મહિનામાં એકાદવાર ઘરે આવતા ત્યારે સેક્સવર્ધક ગોળીઓ ખાઈને મને શારીરિક યાતના આપતા હતા.' અંતે પતિની ક્રૂરતાંથી કંટાળીને પત્નીએ મોતને પ્લાન બનાવ્યો હતો.

પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, ૧ જાન્યુઆરીએ હૈદરઅલી ઘરે હતો, ત્યારે પત્નીએ પતિના દૂધમાં ઉંદર મારવાની ઝેરી દવા ભેળવીને પીવડાવ્યું હતું. આ પછી ૫ જાન્યુઆરીના રોજ હૈદરઅલીની તબિયત લથડતાં તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

સમગ્ર ઘટનામાં ભાઈના મોત બાદ મૃતદેહને તેમના વતન બિહારના પૂર્વી ચંપારણમાં દફનવિધિ કરવાનું કહેતા મૃતકની પત્ની અને ભાઈ વચ્ચે બોલાચાલી થઈ હતી. અંતે હત્યાની શંકાને લઈને મૃતકના ભાઈએ આ મામલે પોલીસને જાણ કરી હતી.

# બાવળના ઝેકડા રોડ પર કાર તળવામાં ખાબકતા ચાલકનું મોત નીપજ્યું

## સ્થાનિકો દ્વારા યુવાનને બચાવવાનો પ્રયાસ કરાયો પણ તે પહેલા જ ચાલકનું મોત થયું

બાવળા,

બાવળા તાલુકાના ઝેકડા રોડ પર મોડી રાત્રે કાર રોડ સાઈડના તળાવમાં ખાબકી હતી. આ અકસ્માતમાં કાર પાણીમાં ગરકાવ થઈ જતા યુવાનનું ડૂબી જવાથી મોત નિપજ્યું હતું.

પ્રકાશ મહેરિયા નામનો યુવાન મોડી રાત્રે પોતાની કાર લઈને ઝેકડા ગામે સ્થિત પોતાના ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન ઝેકડા રોડ પર અચાનક કાર પરનો કાબૂ ગુમાવતા કાર સીધી રોડની બાજુમાં આવેલા પાણીથી છલોછલ તળાવમાં ખાબકી હતી. કાર ઊંડા પાણીમાં ઉતરી જતાં પ્રકાશ મહેરિયા બહાર નીકળી શક્યો ન હતો અને કારની સાથે જ પાણીમાં ડૂબી ગયો હતો.

આ બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ (સ) અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. રાત્રિના અંધારામાં આ અકસ્માત કયા કારણોસર સર્જાયો, શું તે ગાઢ ધુમ્મસ, પૂરપાટ ઝડપ કે અન્ય કોઈ કારણ હતું, તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે ઝેકડા ગામ અને મૃતક યુવાનના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.






૭૭મા પ્રજાસત્તાક પર્વમાં ગુજરાતના ટેબ્લોનું મુખ્ય આકર્ષણ; ''સ્વતંત્રતા કા મંત્ર : વંદે માતરમ''ના વિષયને અનુલક્ષીને ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારીખની રોચક પ્રસ્તુતિ... મેડમ ભીખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીજીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો સમન્વયે આ ટેબ્લોની અનોખી ભાત ઊભી કરી... આ વર્ષે પ્રજાસત્તાક પર્વની પરેડમાં ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૧૩ ઝાંખીઓ મળીને કુલ ૩૦ ટેબ્લોનું પ્રદર્શન થયું; મુખ્ય અતિથિ તરીકે યુરોપિયન યુનિયનના બે વરિષ્ઠ નેતા : યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લિયેન તથા યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ : યુવતીનું અપહરણ કરનાર આરોપીની મુંબઈમાંથી ધરપકડ કરાઈ

## પરિવારે અપહરણ કરનાર શખ્સ ઉપર લગાવ્યો લવજેહાદનો આરોપ

વલસાડ,

વલસાડ જિલ્લાના એક ગામમાંથી ૧૯ જાન્યુઆરીએ યુવતીના અપહરણનો મામલો સામે આવ્યો હતો. જે બાદ તણાવનો માહોલ હતો. ઘટનાને લઈ પરિવારજનો અને સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો હતો. આ મુદ્દે ધરમપુર પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા પોલીસે અનેક ટીમો બનાવી હતી. જેમાં એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસ પણ સામેલ હતી. આરોપીના પરિવારજનો, મિત્રો, સંબંધીઓ અને સોશિયલ મીડિયા ગતિવિધિની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત મોબાઈલ લોકેશનના આધારે આરોપીની તપાસ હાથ ધરવામાં આવી હતી.




અઠવાડિયા બાદ પોલીસે આરોપી યુવકની મુંબઈથી ધરપકડ કરી હતી અને તેને વલસાડ લાવવામાં આવ્યો હતો. પોલીસને યુવતી પણ મળી આવી હતી અને તેના પરિવારને સોંપી દેવામાં આવી હતી. જેનાથી પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ગ્રામીણોએ આ મામલે યુવક સામે લવ જિહાદનો પણ આરોપ લગાવ્યો હતો.

વલસાડના એસપીએ જણાવ્યું કે, આ મામલે આરોપી સામે અપહરણ અને પોક્સો એક્ટ અંતર્ગત કેસ નોંધીને આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ દરેક એંગલથી તપાસ કરી રહી છે. મામલાને લઈ કેટલાક હિન્દુ સંગઠનો અને આદિવાસી નેતાઓએ ધરમપુર પોલીસ સ્ટેશન પહોંચીને વિરોધ નોંધાવ્યો હતો. સંગઠનના પદાધિકારીઓએ આ વિસ્તારમાં અગાઉ પણ આવા કેસ સામે આવ્યા હોવાથી પોલીસને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી હતી. ધવલ સાંસદ પટેલ અને ધારાસભ્યએ પણ પોલીસને આરોપીની તાત્કાલિક ધરપકડ અને યુવતીની સુરક્ષિત ઘરવાપસીની માંગ કરી હતી. સાંસદે આરોપીને કડક સજા કરવાની અપીલ કરીને આવી ઘટના પર કડક કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

# ગુજરાતમાં ઠંડીમાં થયો વધારો, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વાતાવરણમાં ફેરફાર

અમદાવાદ,

ગુજરાતમાં આ વર્ષે શિયાળો અત્યાર સુધીમાં સૌથી હળવો રહ્યો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર ઊંચું નોંધાયું છે, જ્યારે ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સતત સક્રિયતાને કારણે વરસાદ અને હિમવર્ષાનો દોર ચાલુ છે. હવામાન વિભાગ ની તાજેતરની આગાહી મુજબ, ૨૬ જાન્યુઆરીથી ફરી એક મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની શક્યતા છે.ગુજરાતના અનેક શહેરોમાં લઘુત્તમ તાપમાન હજુ પણ ૧૦થી ૧૫ ડિગ્રીની વચ્ચે રહેલું છે, જે સામાન્ય કરતાં ઊંચું છેઃભુજ : ૯.૧ સે,ડીસા : ૧૦.૪ સે મહેસાણા : ૧૧.૪ સે,સુરેન્દ્રનગર : ૧૧.૬ સે,કંડલા / રાજકોટ : ૧૨.૫ સે,ગાંધીનગર : ૧૩.૧ સે,કેશોદ : ૧૩.૪ સે,અમદાવાદ : ૧૪.૨ સે,ભાવનગર : ૧૫.૦ સે

આ આંકડા દર્શાવે છે કે રાજ્યમાં કાતિલ ઠંડીનો અભાવ છે. ખાસ કરીને કચ્છના નલિયામાં પણ આ વખતે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ખૂબ ઓછી વખત ગયું છે, જ્યારે ગત વર્ષે આ સંખ્યા ૨૨ વખત હતી.

આઈએમડીએ ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ભારે વરસાદ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદ અને તમિલનાડુ અને કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે, સાથે જ જમ્મુ અને કાશ્મીર અને લદાખમાં પણ વરસાદ પડશે. પવન ૫૫ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાશે તેવી શક્યતા છે, અને ૨૬ જાન્યુઆરીએ હિમાચલ પ્રદેશ માટે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.મોડી રાતથી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં વરસાદ પડી રહ્યો છે. હિમાલયના રાજ્યોમાં વરસાદ અને હિમવર્ષાનો બીજો સિલસિલો શરૂ થયો છે. હિમાચલ પ્રદેશના શિમલા અને મનાલીમાં મોસમનો પહેલો બરફવર્ષા થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૬ જાન્યુઆરીએ વધુ એક મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે, જેના કારણે ઉત્તર ભારતના નવ રાજ્યોમાં વરસાદ અને પહાડી વિસ્તારોમાં બરફવર્ષા થઈ શકે છે.

આગામી પાંચ દિવસમાં સવારના સમયે ઉત્તર-પશ્ચિમ ભારત અને બિહારમાં ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે. રાજસ્થાનનું પિલાની દેશનું સૌથી ઠંડુ શહેર હતું, જ્યારે દિલ્હીના આયાનગરમાં ૨.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીના રહેવાસીઓને ઓછામાં ઓછા બે દિવસ સુધી ઠંડીથી રાહત મળશે નહીં. મેદાનોના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાન રેકોર્ડ બનાવી રહ્યું છે. મેદાનોના ઘણા શહેરોમાં તાપમાન શૂન્ય ડિગ્રીની નજીક પહોંચી રહ્યું છે.

હવામાન નિષ્ણાતોના મતે, સામાન્ય રીતે ઉત્તર ભારતથી આવતા સૂકા અને ઠંડા પવનો ડિસેમ્બરમાં ગુજરાતમાં ઠંડી લાવે છે. જોકે, આ વખતે હિમાલયમાં કોઈ મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નથી. જ્યારે પર્વતોમાં ભારે બરફવર્ષા થાય છે, ત્યારે ત્યાંથી ફૂંકાતા ઠંડા પવનો મેદાનો અને ગુજરાતમાં ઠંડી લાવે છે. આ વર્ષે ઓછી બરફવર્ષાને કારણે, ઉત્તર ભારતમાં શીત લહેરનો અનુભવ થયો નથી.

# સાબરમતી નદીમાં માતા-પુત્રએ ઝંપલાવ્યું, બંનેના મૃતદેહ મળ્યા

અમદાવાદ,

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારમાં હચમચાવી દેતી ઘટના સામે આવી છે. રિવરફ્રન્ટના વલ્લભ સદન બોટિંગ વિસ્તાર નજીકથી વૃદ્ધ માતા-પુત્રના મૃતદેહ મળી આવતા વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ માતા-પુત્રએ સાબરમતી નદીમાં છલાંગ લગાવી આપઘાત કર્યો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઘટનાની જાણ થતાં જ રિવરફ્રન્ટ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. થોડા સમય બાદ નદીમાંથી માતા-પુત્રના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પુત્ર માનસિક અસ્વસ્થતા ધરાવતો હતો અને લાંબા સમયથી તણાવમાં હોવાનું અનુમાન છે. આ પરિસ્થિતિને કારણે માતા-પુત્રે આ અતિશય પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. જોકે, સમગ્ર મામલે તમામ પાસાઓની તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં રહેતા વૃદ્ધ માતા અને તેના દીકરાએ સાબરમતી નદીમાં ઝંપલાવી આપઘાત કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રવિણાબેન પંડ્યા (ઉ.વ. ૭૪) અને તેમના દીકરા જગદીશ પંડ્યા (ઉ.વ. ૪૮) બપોરના સમયે સાબરમતી રિવરફ્રન્ટના વોક-વે પરથી નદીમાં કૂદ્યા હતા.

બંને વ્યક્તિઓ નદીમાં કૂદ્યા બાદ તેમના મૃતદેહ નદીમાં તરતા નજરે પડતા રિવરફ્રન્ટ પર ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડની નજર પડી હતી. ઘટનાની ગંભીરતા સમજતા જ સિક્યુરિટી ગાર્ડે તાત્કાલિક રિવર રેસ્ક્યુ ટીમ અને રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસને જાણ કરી હતી, જેના પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

જાણ મળતા ફાયર બ્રિગેડની રિવર રેસ્ક્યુ ટીમ તેમજ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બંનેના મૃતદેહ નદીના સપાટીએ તરતા હોવાથી ફાયર વિભાગની ટીમે રેસ્ક્યુ કાર્યવાહી હાથ ધરી અને બંને મૃતદેહને નદીમાંથી બહાર કાઢ્યા હતા.

# બનાસકાંઠાઃ પાલનપુર-આબુ હાઈ-વે પર ટ્રક અને કાર વચ્ચે ભયાનક અકસ્માત, ૭ના કરૂણ મોત

પાલનપુર,

બનાસકાંઠામાં અમીરગઢના ઈકબાલગઢ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. પાલનપુર-આબુ હાઈવે પર પૂરપાટ ઝડપે આવતા એક આઈસર ટ્રકે ડિવાઈડર કૂદીને સામેથી આવતી ઈનોવા કારને અડફેટે લેતા ૭ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. અન્ય ૩ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ઘટનાની માહિતી મળતાં જ અમીરગઢ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને મૃતકોના મૃતદેહને પોસ્મોર્ટમ માટે ખસેડયા છે. પ્રાથમિક માહિતી અનુસાર રોગ સાઈડ આવતો આઈસર ટ્રક ગાડી ઉપર ચડી જતો અકસ્માત સર્જાયો છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, પાલનપુર-આબુ હાઈવે પર થયેલો અકસ્માત એટલો ભયાનક હતો કે જોનારા લોકોના કાળજા કંપી ગયા હતા. આબુરોડ તરફથી આવી રહેલા એક આઈસર ટ્રકના ચાલકે સ્ટિયરિંગ પર પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે બેકાબૂ બનેલો ટ્રક ડિવાઈડર કૂદીને રોંગ સાઈડમાં ઘૂસી ગયો હતો અને સામેના ટ્રેક પરથી પસાર થઈ રહેલી ઈનોવા ગાડી પર કાળ બનીને ત્રાટક્યો હતો. ટ્રક સીધો કાર પર ચડી જતાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ દુર્ઘટનામાં ભોગ બનનાર પરિવાર રાજસ્થાનથી પરત ફરી રહ્યો હતો ત્યારે કાળે તેમને રસ્તામાં જ આંબી લીધા હતા. અકસ્માતમાં ૭ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા છે. અન્ય ૩ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની તીવ્રતા એટલી જબરદસ્ત હતી કે ઈનોવા કારના પતરાં ચીરીને મૃતદેહોને બહાર કાઢવા પડ્યા હતા."

નોંધનીય છે કે ઘટનાની જાણ થતા જ અમીરગઢ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.સ્થાનિક લોકોની મદદથી પોલીસે બચાવ કામગીરી હાથ ધરી હતી. આ ઘટનાને પગલે ટ્રાફિક જામ થયો હતો, પરંતુ પોલીસે ટ્રાફિક હળવો કરાવ્યો હતો. તમામ મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. અમીરગઢ પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતકોના પરિવારમાં માતમ છવાયો છે.

# જેતપુરમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લાકક્ષાની શાન-બાન-આનથી ઉજવણી






## જિલ્લા પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં ધ્વજવંદન : રાષ્ટ્રધ્વજને સલામી આપતા નાગરિકો, માર્ચ પાસ્ટ, સાંસ્કૃતિક કૃતિઓ અને ટેબ્લોનું પ્રદર્શન : ડોગ સ્કવોડ અને હોર્સ રાઈડિંગના દિલધડક કરતબો પ્રસ્તુત

રાજકોટ:

જેતપુરમાં હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજ રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ધ્વજવંદન કરીને, પ્રજાસત્તાક દિવસની શાન-બાન-આનથી ઉજવણી કરાઈ હતી. આ તકે ઉપસ્થિતોએ રાષ્ટ્રગાન 'જન ગણ મન'ની બેન્ડ સુરાવલી સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશ અને પોલીસ અધિક્ષક શ્રી વિજયસિંહ ગુર્જરની સાથે પરેડ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ પરેડ કમાન્ડર પ્રોબેશનરી આઈ.પી.એસ. ઓફિસર શ્રી પ્રખરકુમાર અને ઉપકમાન્ડર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પાર્થરાજસિંહ જાડેજાની આગેવાની હેઠળ મહિલા પોલીસ, અશ્વ દળ સહિત ગ્રામ્ય પોલીસ જવાનોની ૦૫ ટીમોએ બેન્ડ સૂરના તાલે શિસ્તબદ્ધ માર્ચપાસ્ટ કરી હતી. આ તકે સખી કેન્ટીન-સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, સામાજિક વનીકરણ, ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી, રાહવીર યોજના, પશુપાલન, આયુષ્માન ભારત યોજના, અભયમ્ હેલ્પલાઈન, પા પા પગલી યોજના, સ્માર્ટ વિલેજ પાવર ગ્રીડ વીથ રીન્યુબલ એનર્જી, જનરક્ષક વાન, ક્વિક રિસ્પોન્સ ટીમ જેવી થીમ આધારિત ૧૧ જેટલા ટેબ્લોનું પ્રદર્શન કરીને લોકોને યોજનાકીય માહિતી અપાઈ હતી. ટેબ્લો પ્રદર્શિત કરનારી તમામ કચેરીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં.

આ અવસરે ગુજરાત સરકારના કૃષિ મંત્રી તથા રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સૌને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે ભારતનું બંધારણ સ્વતંત્રતા, સમાનતા, ન્યાયની સાથે લોકશાહીની મહત્તા સમજાવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જનહિતને કેન્દ્રસ્થાને રાખીને 'નેશન ફર્સ્ટ'ની કર્તવ્યભાવના સાથે 'વિકસિત ભારત' તરફના માર્ગે આગળ વધી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશને વર્ષ ૨૦૪૭માં વિકસિત દેશ બનાવવાનું વિઝન આપણને આપ્યું છે. ત્યારે રાજ્ય સરકાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'ની સંકલ્પનાને સાકાર કરવા પ્રયાસશીલ છે. રાજ્ય સરકાર સોમનાથ સ્વાભિમાન પર્વ, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી જેવા કાર્યક્રમ થકી ઈતિહાસ અને સંસ્કૃતિને સાથે રાખીને વર્તમાનમાં પ્રગતિ કરી રહી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ગુજરાત સરકાર રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ મહિલાઓને સ્વસહાય જૂથ સાથે જોડીને, તેઓને આત્મનિર્ભર બનાવી રહી છે. રાજ્યમાં ડ્રોન દીદી યોજનાથી અનેક મહિલાઓ કામ અને આવક મેળવે છે. રાજ્ય સરકાર કમોસમી વરસાદ હોય કે અતિવૃષ્ટિ હોય, હરહંમેશ ખેડૂતોની સાથે રહી છે. જેનું ઉત્તમ ઉદાહરણ અતિવૃષ્ટિથી થયેલા નુકસાનના વળતરરૂપે જાહેર કરાયેલું ઐતિહાસિક 'કૃષિ રાહત પેકેજ' છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના નિરંતર પ્રયાસો અને મિશન મોડ કામગીરીથી રાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધ્યો છે. ત્યારે ધરતીપુત્રો 'ઝીરો બજેટ' ખેતી અપનાવે તેવો અનુરોધ છે. 'સહકારથી સમૃદ્ધિ'ના સૂત્ર સાથે સહકાર ક્ષેત્ર પણ સરાહનીય કામગીરી કરી રહ્યું છે. આમ, રાજ્ય સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' મંત્ર ચરિતાર્થ કરી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકે કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો આરંભ થયો હતો. જેના લીધે બે દાયકામાં ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જિન તરીકે ઉભરી આવ્યું છે. એટલું જ નહીં, વાઈબ્રન્ટ સમિટના પરિણામે વિશ્વભરના ઉદ્યોગકારોએ ગુજરાતમાં અબજો રૂ.નું રોકાણ કર્યું છે. આ વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છમાં રૂ. પાંચ લાખ કરોડથી વધુ રકમના રોકાણો માટે અંદાજે પાંચ હજાર સમજૂતી કરારો થયા છે. આમ, વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સે સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રગતિ માટે નવી કેડી કંડારી છે. 'વાઈબ્રન્ટ ગુજરાત'નો દેશને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવામાં અમૂલ્ય ફાળો રહેશે. ત્યારે દેશને સ્વતંત્ર બનાવવા બલિદાન આપનારા દેશભક્તોએ જોયેલા સશક્ત અને સમૃદ્ધ ભારતના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપીએ, તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે 'હિન્દ છોડો' લડતમાં જોડાનારા સ્વાતંત્ર્ય સેનાની ધીરજલાલ રાવલ અને 'આઝાદ હિન્દ ફોજ'ના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. છગનભાઈ કટારીયાના પરિજનોને શાલ અને ચરખાની પ્રતિકૃતિથી સન્માનિત કરાયાં હતાં. ડોગ સ્કવોડ અને હોર્સ રાઈડિંગના દિલધડક કરતબો રજૂ થયાં હતાં, જેને નિહાળીને લોકો મંત્રમુગ્ધ થયા હતાં. દેશભક્તિપૂર્ણ માહોલમાં શાળાઓના વિદ્યાર્થીઓએ તલવાર રાસ સહિત 'માઈ તેરી ચુનરીયા લહેરાઈ', 'સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્' ગીતો પર સાંસ્કૃતિક નૃત્ય કૃતિઓ તથા કલાકારોએ 'મોરપીંછાળા શ્યામ છોગાળા' જેવા ગીતો પર અડિંગો રાસ અને હુડો રાસ રજૂ કર્યા હતાં. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનારા આશરે ૭૦ સરકારી કર્મયોગીઓને પ્રમાણપત્ર આપીને, તેમનું બહુમાન કરાયું હતું. મંત્રીશ્રીના હસ્તે રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશને જિલ્લાના સ્વર્ણિમ વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરાયો હતો. આ તકે મહાનુભાવોએ અશ્વોને ગોળ ખવડાવી, માનવતાવાદી અભિગમ દાખવ્યો હતો. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન બાદ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું.

આ વેળાએ રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પ્રવીણાબેન રંગાણી, ધારાસભ્ય શ્રી જયેશભાઈ રાદડીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાંત અધિકારી શ્રી રાહુલ ગમારા, મામલતદાર શ્રી આશિષભાઈ બાકલખિયા, અગ્રણી શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા સહિત અધિકારીઓ, કર્મચારીઓ, અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## મંત્રીશ્રીના હસ્તે રાજકોટ જિલ્લાના સ્વર્ણિમ વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ : સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિજનો અને ૭૦ કર્મયોગીઓનું સન્માન

# સ્વામિનારાયણ ગુરુકુળના શિક્ષક હિતેશકુમાર ભૂંડિયાને રાષ્ટ્રપતિ ભવન ખાતે પધારવા આમંત્રણ

રાજકોટ:ગુજરાતના શિક્ષણ જગતમાં પોતાની અનન્ય કાર્યનિષ્ઠા અને પૂર્ણ પ્રતિબદ્ધતા થકી વિવિધ કક્ષાએ સંનિષ્ઠ કામગીરી કરી વિરલ સિદ્ધિ હાંસલ કરનાર તેમજ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષકો, કોલેજના પ્રોફેસર, ઈન્ટરપ્રિન્યોર, આયુષ ડૉક્ટર્સ, સાયન્ટિસ્ટ, દિવ્યાંગ અચીવર્સ વિમેન અચીવર્સ, વગેરે લોકોને રાષ્ટ્રપતિ ભવન દ્વારા ૨૬,જાન્યુઆરી ૨૦૨૬ ના સાંજે ચાર વાગે યોજાયેલ છં Home કાર્યક્રમમાં પધારવાનું ભાવભીનું આમંત્રણ મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા મળેલ. NID અમદાવાદના ૩૫૦ એક્સપર્ટ કારીગરો અને માર્ગદર્શકો દ્વારા ૪૫ દિવસની સઘન કામગીરીને અંતે તૈયાર થયેલ આમંત્રણ પત્રિકામાં ભારતના ૮



ઉત્તરપૂર્વીય રાજ્યોની સંસ્કૃતિનું સુંદર કલાત્મક પ્રદર્શન છે.

રાષ્ટ્રપતિ ભવન દ્વારા આવી કલાત્મક આમંત્રણ પત્રિકા મેળવનાર સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયના નેશનલ એવોર્ડ ટીચર શ્રી હિતેશભાઈ દ્વારા શાળામાં વિજ્ઞાનક્ષેત્રમાં જેમકે વિજ્ઞાનમેળા, સાયન્સ કવિઝ, ઈનોવેશન ફેર, મોડેલ પ્રદર્શન વગેરેમાં રસપૂર્વક પોતે પણ અને વિદ્યાર્થીઓને પણ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયનેશનલ કક્ષા સુધી અનેક સિદ્ધિ હાંસલ કરાવેલ છે. બાળકમાં માત્ર ચાર દિવાલો વચ્ચેના શિક્ષણ કરતાં આગળ વધી તેનામાં જીજ્ઞાસા, અવલોકન, તર્ક, ચપળતા, નીડરતા, સાહસ, સંશોધન, રજૂઆત, વર્ગીકરણ જેવા ગુણો અને કૌશલ્યોનો વિકાસ થાય તે માટે અનુભવ જન્ય શિક્ષણ આપવા છૂન લેબ ઉપરાંત વિવિધ પદ્ધતિઓ જેવી કે પ્રયોગિક કાર્યશાળા, પ્રયોગ નિદર્શન, વૈજ્ઞાનિક રમતો ICT ટેકનોલોજી, AI પાઠ નિદર્શન વિડીયો, વૈજ્ઞાનિક રમતો, વૈજ્ઞાનિક રમકડાં દ્વારા શિક્ષણ કાર્ય કરાવી રહ્યાં છે. જે માટે રમકડાંનું નિર્માણ પણ કરેલું તે ટોયફેરમાં નેશનલ કક્ષાએ સ્થાન પામ્યું હતું.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૬-મી જાન્યુઆરી "પ્રજાસત્તાક પર્વ"ની ઉજવણીસમારોહ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજાયો

રાજકોટ:રાજકોટ મહાનગર પાલિકાદ્વારા તા.૨૬-મી જાન્યુઆરી, ૭૭માં "પ્રજાસત્તાક પર્વ"ની ઉજવણી અંતર્ગત આજ તા.૨૬/૦૧/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે રાજકોટ મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન કચેરી, ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ ખાતે મેયર માન.શ્રીમતી નયનાબેન પેઢડીયાએ કચેરીના પ્રટાંગણમાં ત્રિરંગો લહેરાવી, ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો તથા અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સામુહિક રાષ્ટ્રગીતનું ગાન કરેલ અને વંદે માતરમજ૧૫૦ના ફેઝ-૨ અંતર્ગત સામુહિક ગાન તેમજ સ્વદેશી શપથ લીધા હતા. શહેરને સ્વચ્છ રાખનાર એવા રાજકોટ મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી શ્રેષ્ઠ સફાઈ કામગીરી કરનાર સફાઈ



## મેયર માન. શ્રીમતી નયનાબેન પેઢડીયાએ ત્રિરંગો લહેરાવી, રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવેલ

કામદારોને ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે સન્માન કરવામાં આવેલ.

આ અવસરે માન. મેયરશ્રી નયનાબેન પેઢડીયાએ શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે,આદરણીય પદાધિકારીશ્રીઓ, કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મયોગી મિત્રો અને મારા વ્હાલા રાજકોટવાસીઓ.

આજે ૭૭મા પ્રજાસત્તાક પર્વના પવિત્ર અવસરે આપ સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. આજે આખું ભારત રાષ્ટ્રભક્તિના રંગે રંગાયું છે ત્યારે રાજકોટના આંગણે તિરંગો લહેરાવતા અત્યંત ગર્વની લાગણી અનુભવું છું.

ભારતને આઝાદી તો ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ મળી ગઈ હતી, પરંતુ દેશને ચલાવવા માટે પોતાના કાયદા અને નિયમોની જરૂર હતી. ડૉ.બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વ હેઠળ બનેલા બંધારણે આપણને સમાનતા, ન્યાય અને સ્વતંત્રતાના અધિકારો આપ્યા.તે આપણને માત્ર હકો જ નથી આપતું, પણ એક સમાન નાગરિક તરીકે ગરિમા પણ આપે છે.

આજના દિવસે આપણે એ મહાન ક્રાંતિકારીઓ અને સ્વતંત્રતા સેનાનીઓને યાદ કરીએ છીએ જેમણે આપણને આઝાદી અપાવવા માટે પોતાનું બલિદાન આપ્યું છે. પૂજ્ય બાપુ અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના આશીર્વાદ અને ડૉ.બાબાસાહેબ આંબેડકરના માર્ગદર્શન હેઠળ આપણને મળેલી આ લોકશાહી અને બંધારણએ આપણી સૌથી મોટી તાકાત છે.

# ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ શહેરકક્ષાની ઉજવણી દેશભક્તિપૂર્ણ માહોલમાં સંપન્ન

## પ્રાંત અધિકારી સુશ્રી ડૉ. ચાંદની પરમારના હસ્તે ધ્વજવંદન કરાયું

રાજકોટ:૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ શહેરકક્ષાની ઉજવણી આજે દેશભક્તિપૂર્ણ માહોલમાં રાજકોટ શહેર-૧ પ્રાંત અધિકારી સુશ્રી ડૉ. ચાંદની પરમારની અધ્યક્ષતામાં ચૌધરી હાઈસ્કૂલ ખાતે સંપન્ન થઈ હતી. આ અવસરે સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારોનું અભિવાદન કરાયું હતું તેમજ ઉત્તમ કામગીરી કરનારા વિવિધ વિભાગના ૨૫ જેટલા કર્મયોગીઓને પ્રમાણપત્ર આપીને બિરદાવાયા હતા.

ચૌધરી હાઈસ્કૂલ ખાતે સવારે નવ કલાકે રાજકોટ શહેર-૧ પ્રાંત અધિકારી સુશ્રી ડૉ. ચાંદની પરમાર દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધિકારીશ્રી દ્વારા પરેડ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. બાદમાં રાજકોટ પોલીસ દળ, હોમગાર્ડસ તથા ગુજરાત ગર્લ્સ બટાલિયન-એન.સી.સી.ની ગર્લ્સ




કેડેટસની પ્લાટુને શિસ્તબદ્ધ રીતે રજુ કરેલી માર્ચપાસ્ટે નાગરિકોમાં જુસ્સો ભરી દીધો હતો.

આ અવસરે પ્રાસંગિક ઉદબોધન કરતા ડૉ. ચાંદની પરમારે કહ્યું હતું કે, આપણું બંધારણ એ આપણી શક્તિ છે. તે નાગરિકોને અધિકારો આપે છે, સાથે કર્તવ્ય માટે દિશાસૂચન કરે છે. બંધારણ કેન્દ્ર તથા રાજ્ય સરકારને સુચારુ પ્રશાસનની પ્રેરણા આપે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે બંધારણની ભાવનાને સાકાર કરતા અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓના લાભો છેવાડાના વિસ્તારના લોકો સુધી પહોંચાડવા વહીવટી તંત્ર પ્રો-એક્ટિવ અભિગમ સાથે પ્રયત્નશીલ છે.

તેમણે કહ્યું હતું કે, રાજકોટમાં સરકારી યોજનાઓનું સુચારુ અને અસરકારક અમલીકરણ થઈ રહ્યું છે અને તેના થકી નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓના લાભ મળી રહ્યા છે.

દેશને વિકસિત બનાવવા માટે નાગરિક ધર્મ નિભાવવાની અપીલ કરતા તેમણે કહ્યું હતું કે, ભારત દેશને વર્ષ ૨૦૪૭માં "વિકસિત દેશ" બનાવવાનું વિઝન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. આપણા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'ની સંકલ્પનાને સાકાર કરવા રાજ્યના બાંધવોને આહવાન કર્યું છે. આપણે સૌ દેશહિતમાં શ્રેષ્ઠ યોગદાન આપીને દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવા નાગરિક ધર્મ નિભાવીએ તે જરૂરી છે.

# રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી




રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની સંપૂર્ણ ઉત્સાહ, ઉલ્લાસ અને દેશભક્તિની ભાવના સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ રાજકોટ સ્થિત રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને તિરંગાને સલામી આપી હતી.

સમારોહ દરમિયાન રેલવે સુરક્ષા બળ દ્વારા ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિવિઝનલ રેલવે મેનેજરને 'ગાર્ડ ઓફ ઓનર' એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી મીનાએ તમામ રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરના સંદેશનું વાંચન કર્યું હતું અને વર્ષ દરમિયાન રાજકોટ ડિવિઝન દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી મહત્વપૂર્ણ સિદ્ધિઓની વિગતવાર માહિતી પણ શેર કરી હતી.

આ પ્રસંગે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોએ સમારોહમાં રંગ રાખ્યો હતો. દેશભક્તિના ગીતો અને નૃત્ય પ્રસ્તુતિઓએ ઉપસ્થિત જનમેદનીને રાષ્ટ્રીય એકતા અને ગૌરવની ભાવનાથી તરબોળ કરી દીધી હતી. તે જ સમયે, ઈંહ્ર ડોગ સ્ક્વોડ દ્વારા આપવામાં આવેલી વિશેષ પ્રસ્તુતિએ પ્રેક્ષકોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.

પુરસ્કાર વિતરણ:

૧) પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટ દ્વારા બાળકો માટે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાના વિજેતા બાળકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૨) પાછલા વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૪૯ કર્મચારીઓને ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના દ્વારા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

૩) તાજેતરમાં પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈમાં આયોજિત સ્પોર્ટ્સ મીટ-૨૦૨૫ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા રાજકોટ ડિવિઝનના અધિકારીઓને પણ ઢઇસ દ્વારા મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગરિમાપૂર્ણ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટ ડિવિઝનના પ્રમુખ શ્રીમતી મુકેશી મીના અને તેમની ટીમ, એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી કૌશલ કુમાર ચૌબે, ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર શ્રી કમલેશ્વર સિંહ, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ડિજિટલ એજ્યુકેશન સામે બુનિયાદી કેળવણી

શિક્ષણ જીવન લક્ષી હોવું જોઈએ ગીજુભાઈ બધેકા કહેતા કે બાળકને રમતા રમતા પાયાની સમજ આપો અને એ જ સાચું શિક્ષણ છે આગામી સપ્તાહ હૈ ભાવનગરમાં જીવન વિદ્યા વર્કશોપનું આયોજન છે. આ ડિજિટલ યુગમાં જીવન જીવવાની સાચી રીત કઈ છે તેની જાણકારી મોટાભાગના લોકોને નથી ભારતની સંસ્કૃતિમાં માનવ જીવનની સાર્થકતા અને કેળવણી વિશે વિષય છણાવટ કરવામાં આવેલી છે. પરંતુ વર્તમાન સમયમાં ટેક્નોલોજીનો અતિરેક થઈ રહ્યો છે ત્યારે હવે એક વાત સ્પષ્ટ થાય છે કે શિક્ષણમાં આધુનિક ટેક્નોલોજીનો પ્રવેશ મોટા વચનો સાથે થયો હતો. ડિજિટલ પ્લેટફોર્મ, સ્માર્ટ ક્લાસરૂમ, ઓનલાઇન મૂલ્યાંકન અને વ્યક્તિગત અભ્યાસ પદ્ધતિઓ દ્વારા શીખવાની ગુણવત્તા વધશે એવો દાવો કરવામાં આવ્યો. ખરેખર, ટેક્નોલોજીથી માહિતી સુધી પહોંચ સરળ બની, દૂરસ્થ શિક્ષણ શક્ય બન્યું અને કેટલાક વિદ્યાર્થીઓ માટે અભ્યાસ વધુ રસપ્રદ પણ બન્યો. પરંતુ દાયકાથી વધુ સમય અને અબજો ડોલર ખર્ચ્યા પછી આજે પ્રશ્ન ઊભો થાય છે કે શું આ ટેક્નોલોજીથી શૈક્ષણિક પરિણામોમાં ખરેખર અપેક્ષિત સુધારો થયો છે? સંશોધન અને અનુભવ દર્શાવે છે કે લાભ મર્યાદિત છે અને ઘણી જગ્યાએ નુકસાનકારક અસરો પણ દેખાઈ રહી છે. આજનો એડ-ટેક ઉદ્યોગ વૈશ્વિક સ્તરે ૧૬૫ અબજ ડોલરનો બની ગયો છે. અમેરિકામાં જ ૨૦૨૪માં શિક્ષણ ટેક્નોલોજી પાછળ ૩૦ અબજ ડોલર ખર્ચાયા. આ આંકડા બતાવે છે કે શિક્ષણ ક્ષેત્રે ટેક્નોલોજી કેટલી ઝડપથી અને વ્યાપક રીતે પ્રવેશી ગઈ છે. શાળાઓમાં લેપટોપ, ટેબ્લેટ અને ડિજિટલ પ્લેટફોર્મ હવે સામાન્ય બની ગયા છે. એડ-ટેક કંપનીઓનો દાવો છે કે આ સાધનો વિદ્યાર્થીઓને તેમના સ્તર મુજબ શીખવામાં મદદ કરે છે અને શિક્ષકોને પ્રગતિ માપવામાં સહાય કરે છે. પરંતુ વર્ગખંડની વાસ્તવિકતા ઘણીવાર આ દાવાઓથી અલગ દેખાય છે. અમેરિકાના કેન્સાસ રાજ્યની મેકફર્સન મિડલ સ્કૂલનો અનુભવ આ બાબતમાં આંખ ખોલનારો છે. ૨૦૨૨માં શાળાએ ડિજિટલ લર્નિંગ પ્રોગ્રામ અપનાવ્યો હતો. આશા હતી કે તેનાથી વિદ્યાર્થીઓની સમજ અને પરિણામોમાં સુધારો થશે. પરંતુ થોડા જ સમયમાં વિદ્યાર્થીઓએ તેને કઠોર અને કંટાળાજનક ગણાવ્યો. શાળાએ આપેલા લેપટોપ અભ્યાસ કરતાં વધુ ધ્યાન ભટકાવનાર સાબિત થયા. અનેક સાઇટ્સ બ્લોક કરાઈ, છતાં વિદ્યાર્થીઓ નવા રસ્તાઓ શોધી લેતા. અંતે, માતા-પિતાની માગણી બાદ ૨૦૨૫માં લેપટોપ પાછા લઈ લેવાયા. આ ઘટના બતાવે છે કે ટેક્નોલોજી માત્ર સાધન છે; તે શીખવાની પ્રક્રિયાને આપમેળે સુધારી શકતી નથી. આવો અનુભવ એકાદ શાળાનો નથી. અમેરિકામાં લગભગ ૯૦ ટકા હાઈસ્કૂલ અને ૮૪ ટકા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શાળાઓ દ્વારા આપવામાં આવેલા ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરે છે. તેમ છતાં સંશોધન કહે છે કે શીખવામાં થતો ફાયદો બહુ જ મર્યાદિત છે અથવા ક્યાંક તો નહિવત્ છે. ૨૦૧૨થી ૨૦૧૫ પછી વર્ગખંડોમાં સ્ક્રીનનો ઉપયોગ ઝડપથી વધ્યો, પરંતુ એ જ સમયગાળામાં વિદ્યાર્થીઓની વાચનક્ષમતા અને અન્ય વિષયોમાં પ્રદર્શન ઘટ્યું. આ સંયોગ નથી, પરંતુ ચેતવણી છે.

નિષ્ણાતો માને છે કે સ્ક્રીન આધારિત શિક્ષણમાં ધ્યાન ભટકવાનું મોટું કારણ છે. રમત આધારિત ડિઝાઇન અને સતત બદલાતી ડિજિટલ ઉત્તેજનાઓ બાળકના મનને શાંત અને કેન્દ્રિત રાખવા દેતી નથી. વધુમાં, વર્ગખંડમાં માનવીય સંવાદ ઘટે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની આંખે આંખ મિલાવી થતી વાતચીત, તરત મળતી પ્રતિક્રિયા અને ભાવનાત્મક જોડાણ ડિજિટલ માધ્યમમાં ઘટી જાય છે. ખાસ કરીને નાના બાળકો માટે પ્રત્યક્ષ માનવીય સંપર્ક અનિવાર્ય છે.

# અંતરનાં અજવાળાં પારખવા માટે તેમાંથી અંધારાં ઉલેચવા પડે

**એક ક્લાસ વન ઓફિસરે સંસારના સઘળા વ્યવહારો પૂરાં કર્યા ને ક્ષેત્રસંન્યાસ ધારણ કરી વૈરાગ્યનો પથ પકડ્યો. અંતરનાં અજવાળાં પારખવા માટે તેમાંથી અંધારા ઉલેચવાનો નિર્ધાર કર્યો છે.**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

સાંજનો સમય હતો, રોજના ક્રમ પ્રમાણે ઘેરથી ચાલીને નગરના બગીચામાં નાગરદાસ પહોંચી ગયા. તેમનું જીવન એકાકી હતું. તેમની નાની વયે એકલા મૂકીને માબાપ અકસ્માતે અનંતની યાત્રાએ ઊપડી ગયાં હતાં. આ માણસ અથડાતો-કુટાતો, મહામહેનતે યુવાનીને ઉંબરે પહોંચ્યો હતો. આ દરમ્યાન પાંચ-છ ઠેકાણે તેણે નોકરી કરી જોઈ પણ તેને ત્યાં ન ફાવ્યું. તેણે સ્વતંત્રપણે જુદા જુદા ધંધા પર પણ હાથ અજમાવી જોયો. છેવટે એક ધરખમ પેઢીના મેતાજી તરીકે તેને નોકરી મળી અને માસિક પગાર પણ પ્રમાણમાં ઊંચો હતો. પોતે એકલારામ ને એથી વધુ એનું એવું નસીબ કે માબાપની ઓથ વિના ઉછર્યો છતાં પણ કોઈ દુર્ગુણ તેનામાં ઊતર્યા ન હતાં. તેથી તેની આવકનો વ્યય થવાની કોઈ સંભાવના ન હતી. ક્યારેક ક્યારેક બચપણથી ભોગવ્યા કરેલી એકલતા તેને સખ્ત અકળાવે ખરી. પરંતુ મોટે ભાગે એ કોઠે પડી ગઈ હોવાથી ઝાઝી બેચેની તેને ન લાગતી. નગરમાં હોય ત્યાં સુધી સાંજે નિયમિતપણે બગીચામાં ગયા વિના તેનાથી ન રહેવાય.

જે દિવસે જ્યારે તે બગીચામાં દાખલ થયા ત્યારે જે બાંકડે પોતે બેસતાં ત્યાં એક વયોવૃદ્ધ વિરક્ત બેઠા હતા, એની નજીક જતાં એ શ્વાસ રોકીને ટટ્ટાર બેઠેલા જણાયા !નાગરદાસ તો સ્તબ્ધ થઈ ગયા. સામેના બીજા બાંકડા પર બેસી તેણે એ દિશામાં નજર ઠેરવી. એ કોઈ ઉજળિયાત વર્ણના લાગ્યા. જીવતો જાગતો કોઈ વખાનો માર્યો વૃદ્ધ અહીં આવીને બેસી ગયો ! માથાના વાળ વિખરાયેલા, એની તેજસ્વી આંખો રડીરડીને સૂજી ગઈ હતી. તેના આયખાની અંતિમ ક્ષણોનો જાણે પ્રારંભ થઈ ચૂક્યો હોય તેવું લાગ્યું.

જોતજોતામાં આ બગીચા પરથી સમી સાંજનો સૂર્ય અજવાળું પાછું ખેંચી લેશે. પછી તો આ વસંત વાટિકાને અંધારું આવરી લેશે, એ વિચારે નાગરદાસને સ્હેજ ગભરાટ થયો.

પરંતુ ત્યાં તો એકાએક પેલા વૃદ્ધ ઊભા થયા. ભારે ગૌરવથી છતાં એક પ્રકારની સખતાઈથી એણે નાગરદાસ સામે નજર નાખી અને પછી એ ત્યાંથી ચાલવા માંડ્યા.

નાગરદાસને પણ એ વૃદ્ધમાં એકાએક અનહદ રસ જાગ્યો હતો. એના વૃદ્ધ પરંતુ સખતાઈને લીધે અત્યંત ગૌરવ સભર બનેલા ચહેરાને જોઈ નાગરદાસના હૈયામાં અનુકંપાના સ્રોતની ગતિ વહેવા લાગી.

વૃદ્ધ થોડું આગળ વધ્યા કે નાગરદાસ પણ તરત બાંકડેથી ઊઠ્યા. એને ખબર ન પડે એ રીતે, તેની પાછળ પાછળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં એ નગરના સીમાડે આવ્યા. અંધારું આખા નગરને ઘેરી વળ્યું હતું. સીમાડાનો આ ભાગ સાવ નિર્જન હતો.



નાગરદાસ બિલ્લીપગે પણ ભારે ઝડપથી એની વધુ નજીક આવી ઊભા. વૃદ્ધ તો એના જ વિચારોમાં ખોવાયેલા હતા. નજીકમાં એક ખૂબ જ મજાની નાનકડી કુટિર હતી.

એ વૃદ્ધ પેલી કુટિર નજીક પહોંચી ગયા. તેણે નીચા નમીને કુટિરમાં પ્રવેશ કર્યો. તેણે સંભાળપૂર્વક પોતાનું આસન લગાવ્યું. પછી દસેક મિનિટ સુધી આંખો બંધ કરી ધ્યાનમગ્ન થયા.

નાગરદાસ એકદમ તેમની નજીક કુટિરમાં સરકી આવ્યા. એ વૃદ્ધે આંખો ખોલી. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.

પછી મીઠાશથી કહ્યું : 'મને ખબર નથી કે આવો રસ્તો લેવાની મને શાથી જરૂર પડી ? '

નાગરદાસે કહ્યું, ' અંતરનાં અજવાળાં પારખવા. '

' પણ એક વાત હું કહી દઉં છું કે, સંજોગોથી, સમાજથી, સગાહાલાંથી ત્રાસીને કોઈ આવું કરવા બેસે એ વ્યક્તિની કાયરતા તરફ મને અનહદ નફરત છે. જીવન આખું આ સંગ્રામ છે. એમાં હારજીત તો ચાલ્યા જ કરે. હાર પણ મળે. ક્લાસ વન ઓફિસર તરીકે નિવૃત્ત થયો છું. ત્યાં સુધીમાં કુટુંબનાં બધાં જ વ્યાવહારિક કાર્યો પૂરાં થયાં પછી પત્નીનું અવસાન થયું ત્યારે આ રીતે વૃદ્ધાવસ્થાએ વૈરાગ્યનો પથ સહજ પકડાઈ ગયો છે. ભૌતિક જગતથી ક્ષેત્રસંન્યાસ લઈને અંતરનાં અંધારા ઉલેચવા બેઠો છું. '

નાગરદાસે તેને અટકાવીને કહ્યું , : 'બે મિનિટ મને સાંભળો. તમને જ્યારથી બગીચાના બાંકડે વિરક્ત વેશે જોયા ત્યારે તમારા વ્યક્તિત્વે મારા મન ઉપર કદી ન ભૂંસાય એવી એક છાપ પાડી છે, તથા ખૂબ અંતર્મુખી અને મૂંઝાયેલા જોઈને જ હું તમારી પાછળ પાછળ અહીં સુધી આવ્યો છું '

' પણ તમે જે કંઈ વિચારી રહ્યા હશો. એટલે કહું છું કે મને કોઈ અવિવેકી, ચારિત્ર્યહીન કે લંપટ એવા ગુનાહિત કૃત્યો કરનારો માની લેવાની ભૂલ ન કરશો, એટલી જ મારી વિનંતિ છે. '

નાગરદાસે કહ્યું , હવે જો તમે સ્વસ્થ થયા હો તો મારી વાત કહું. મારાથી શક્ય હશે તો તમને મદદ કરવા હું તૈયાર છું. એટલે તમે કહેશો ત્યાં તમારા રહેવાનો બંદોબસ્ત કરીશું.'

એણે કહ્યું : 'ભવિષ્યની વાત તો ભવિષ્ય જાણે, બાકી અત્યારે તો એવું શક્ય નથી એ હું સમજી શકું છું. '

# રોજગાર-નિકાસલક્ષી બજેટ અનેક સળગતી સમસ્યાનો આસાન ઉકેલ લાવી શકે

કરંટ ટોપિક

એક તરફ યુરોપીયન યુનિયન સાથે ભારતના એફટીએ (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ)નો તખ્તો તૈયાર થઇ ગયો છે તો બીજી તરફ પાંચ દિવસ પછી ભારતનું બજેટ બહાર પડશે. બજેટમાં દરેક વર્ગને ખુશ કરી શકાતો નથી પરંતુ લોકોના ખિસ્સામાંથી કેવી રીતે પૈસા ખેંચી લેવા તેની સરકારી કુનેહ જોવા મળે છે. વિશ્વમાં ચોથા નંબરનું આર્થિક તંત્ર બનેલું ભારત તેના બજેટમાં પણ નવા ફેરફાર લાવે તે જરૂરી છે. વર્તમાન સરકાર પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં બજેટમાં આમૂલ ફેરફાર કરવાથી તે દુર રહે છે. અન્ય દેશોમાં વૃધ્ધોની સંખ્યા વધી રહી છે ત્યારે ભારત જુવાનીયાઓથી છલકાય છે.

દેશના લોકો, દેશની કંપનીઓ, દેશના શાસકો, દેશના વિપક્ષો એમ દરેક દેશનો વિકાસ અને ગ્રોથ ઇચ્છે છે પરંતુ કેટલાક પરિબળો જેવાંકે, બેરોજગારી, ઓછું વળતર, કંપનીના કાયદાઓ, પ્રાઇવેટ કંપનીઓની મનમાની, નિવૃત્તિ લોકોને મળતા પેન્શન વગેરેનું નિરાકરણ સરકાર લાવી શકતી નથી.

બજેટમાં મુખ્ય બે મુદ્દા પર ભાર મુકવાની જરૂર છે. એક છે રોજગારી ઉભી કરો અને બીજું એ કે નિકાસમાં વધારો કરો. સીધા અને આડકતરા વેરા વગેરે મહત્વના છે પરંતુ જો રોજગારી વધારાશે તો અનેક સળગતી સમસ્યાનો અંત આવી શકે છે. દેશના શેરબજારમાંથી વિદેશી રોકાણકારો પીછેહઠ કરી રહ્યા છે પરંતુ અન્ય ક્ષેત્રોમાં વિદેશી રોકાણકારો મોટા પાયે રોકાણ કરવા તત્પર બન્યા છે. તાજેતરમાં સ્વિટ્ઝર્લેન્ડના દાઓસ ખાતે મળેલી વર્લ્ડ ઇકોનોમીક ફોરમમાં ભારત છવાઇ ગયું હતું. વિકસિત ભારતની દિશામાં આગળ વધવા નાણા પ્રધાન વારંવાર ચિપીયો પછાડતાજ હોય છે પરંતુ તે દિશામાં ભારત મંદ ગતિએ આગળ વધી રહ્યું છે. રોજગારી વધારવા ભારતને એમએસએમઇ સેક્ટરને ટેકો આપીને મહત્વનું પગલું ભર્યું છે તો બીજી તરફ મહિલાઓને વધુ રોજગારી મળે તેવા પ્રયોસો કર્યા છે. કૃષિક્ષેત્ર કિસાનોને વધુ આવક મળતી રહે તેવા પ્રોજેક્ટ પણ ઉભા કર્યા છે અને તેમના ખાતામાં સીધીજ રાહતો પહોંચે તેવા આયોજનો પણ કર્યા છે.

જે ક્ષેત્રોનો જીડીપીમાં ઓછો ફાળો છે તેમને વધુ કાર્યક્ષમ બનાવ્યા છે. ઉત્પાદનો વધારવા અને મેઇડ ઇન ઇન્ડિયાના કોન્સેપ્ટના પગલે વિદેશની કંપનીઓ ભારત તરફ આકર્ષાઇ છે. જે ક્ષેત્રોનો જીડીપીમાં વધુ ફાળો છે તેમને વધુ ઉત્પાદન તૈયાર કરવા માટે પ્રોત્સાહીત કરાશે.

નોન ફાર્મ જોબ એટલેકે કૃષિ સિવાયના ક્ષત્રોમાં ૨૦૩૦ સુધીમાં ૮૦ લાખ જેટલી જોબ દર વર્ષે ઉભી કરવાનો લક્ષ્યાંક રખાયો છે. તે પુરો કરવા સરકાર પ્રયાસ કરે છે પણ તેમાં જોઇતી સફળતા મળી નથી.

નવા ક્ષેત્રો જેવાં કે ડેટા સેન્ટરો, કોડીંગ સેન્ટર, ઇકોમર્સ, ડિજીટલ સિસ્ટમ વગેરેને જોઇતી સ્કીલ્ડ લેબર તૈયાર કરવામાં આવી રહી છે. આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સના કારણે તેમજ મશીન લન'ગના પગલે જોબમાં કપાત આવશે તેના માટે પણ લોકોએ તૈયાર રહેવું પડશે.

આર્થિક નિષ્ણાતોના મતે બજેટમાં રોજગારી ઉભી કરવી, તેના પગલે ઉત્પાદન વધારવું અને ઉત્પાદનની નિકાસ વધારવા પર ભાર મુકવાની વાત કરી છે. એક તરફ જ્યારે યુરોપના દેશો સાથે ફ્રી ટ્રેડ કરાર હાથવેંતમાં છે અને અમેરિકાના પ્રમુખ કૂણા પડતા ભારત અમેરિકા વચ્ચેના ટ્રેડ કરાર આગળ વધ્યા છે ત્યારે બજેટ પણ રોજગાર ઉભો કરનાર હોવું જોઇએ.

ભારત સામે વૈશ્વિક પડકારો અનેક છે. ભારતની આર્થિક સ્થિતિ મજબૂત હશે તો તે પડકારોને પહોંચી શકશે.

ભારતમાં હાઇનેટવર્થ ધરાવતા લોકોની યાદી લાંબી થતી જાય છે. લોકો પ્રવાસના સ્થળો પણ વિદેશના પસંદ કરી રહ્યા છે એમ રહેવાના સ્થળો પણ સિંગાપુરમાં પસંદ કરી રહ્યા છે. જોકે તેના પગલે આર્થિક અસામનતા ઉભી થવાનો ડર વધ્યો છે. પૈસાદાર વધુ પૈસાદાર અને ગરીબ વધુ ગરીબ બને તે ચિંતાનો વિષય છે.

ભારતનું કોર્પોરેટ જગત ઉદ્યોગના વિકાસ સાથે સંમત છે. તેમનો સહકાર મળી રહ્યો છે પરંતુ બજેટમાં તે રાહત માંગે છે. બિઝનેસ કરનારા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની સરકારની વાતોને અમલમાં મુકવા મથે છે પરંતુ સરકારી કાયદા અને નિયંત્રણો તેમને અટકાવે છે. ઉદ્યોગલક્ષી બજેટ આપવામાં આવે તો પણ તે રોજગારી વધારી શકે છે.

વિશ્વમાં આર્થિક ક્ષેત્રે સતત ડામાડોળ સ્થિતિ જોવા મળે છે. આવા સમયે ભારતે પોતાનું આર્થિક તંત્ર સ્થિર બનાવવાના પ્રયાસ કરવા પડશે. બજેટની દરખાસ્તો એવી હોવી જોઇએ કે જે ભારતને આત્મ નિર્ભર બનાવે અને નિકાસ વધારનારૂં બનાવી શકે. ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર(જીસીસી) પણ રોજગારી ઉભી કરવામાં મહત્વના બની રહ્યા છે. છેલ્લા અહેવાલ પ્રમાણે વિશ્વની ટોચની ત્રણ કંપનીઓએ ભારતમાં ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર શરૂ કરવા તૈયારી બતાવી છે. આ કંપનીઓમાં વિડીયો ટેલિફોની ફર્મ ઝૂમ, ટેલિકોમ જાયન્ટ ટી મોબાઇલ અને સાઉથ વેસ્ટ એર લાઇન્સનો સમાવેશ થાય છે. અન્ય નાની કંપનીઓ પણ ભારતમાં જીસીસી શરૂ કરવા પ્લાન કરી રહી છે. જીસીસીનો ફાળો દેશના જીડીપીમાં ૨ ટકા જેટલો છે. ૨૦૩૦ સુધીમાં આ જીસીસી ૨૮ લાખ જેટલી જોબ ઉભી કરી શકે છે. ગયા ડિસેમ્બરમાં હૈદ્રાબાદ ખાતે અમેરિકાના ટેક્સાસ ખાતે હેડ ઓફિસ ધરાવતી ફાયનાન્સીયલ સર્વિસ કંપની ચાર્લ્સ સ્કેબેએ અને નવેમ્બરમાં ઇન્વેસ્ટમેન્ટ કંપની વેનગાર્ડે ભારતમાં પહલું જીસીસી ઉભું કર્યું હતું. અમેરિકાની અન્ય કંપનીઓ જેવીકે મેક ડોનાલ્ડ અને કોસ્ટકો પણ હૈદ્રાબાદમાં જીસીસી ખોલી ચૂક્યા છે. વાચકોને જાણીને આશ્ચર્ય થશે કે ફ્રાન્સની બહુ નામાંકીત કોસ્મેટીક ફર્મ લોરિયલ ભારતમાં તેનું પહેલું ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર ૩૫૦૦ કરોડના શરૂઆતના રોકાણ સાથે શરૂ કરશે. એવીજ રીતે નેધરલેન્ડ સ્થિત લીકર બનાવતી હેઇનકેઇન કંપની ગયા વર્ષે હૈદ્રાબાદમાં જીસીસી સેન્ટર ઉભું કરી ચૂકી છે.

અહેવાલો અનુસાર જીસીસીના રોકાણો હવે મુબઇ, બેંગલૂરૂ, ચેન્નાઇ, પૂણે અને દિલ્હીમાં ઉભા થઇ રહ્યા છે. કર્ણાટકના ઉદ્યોગ પ્રધાને કહ્યું છે કે ફિનીશ ટેલિકોમ અને નોકિયા કોર્પોરેશન તેમના રાજયમાં જીસીસી સેન્ટર ઉભું કરવા રસ બતાવી ચૂક્યા છે. દાવોસ ખાતે તેલંગાના સરકારે કહ્યું હતું કે એફએમસીજી કંપની યુનિલીવરે જીસીસી સેન્ટર ઉભું કરવા તૈયારી બતાવી છે.

# લોજિસ્ટિક પાર્ક એટલે એક જ સ્થળે અનેક સેવાઓનો સમિયાણો

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

લોજિસ્ટિક પાર્કની જરૂરિયાત કેમ ઊભી થઈ?

આજના સમયમાં ઉત્પાદન અને વેપારનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. ગ્રાહકોને સમયસર અને ઓછા ખર્ચે

**લોજિસ્ટિક પાર્ક એટલે એક એવી સુવિધાસંપન્ન જગ્યા જ્યાં માલના સંગ્રહથી લઈને તેના પરિવહન, વિતરણ અને પેકિંગ સુધીની તમામ પ્રવૃત્તિઓ એક જ સ્થળે થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, માલ જ્યાં તૈયાર થાય છે ત્યાંથી લઈને તે ગ્રાહક સુધી પહોંચે ત્યાં સુધીની સમગ્ર સફરને સુગમ બનાવતી વ્યવસ્થા એટલે લોજિસ્ટિક પાર્ક. આધુનિક અર્થતંત્રમાં લોજિસ્ટિક પાર્ક વેપાર અને ઉદ્યોગ માટે રીઢ સમાન બની ગયા છે.**

વસ્તુઓ જોઈએ છે. જુદા જુદા ગોડાઉન, ટ્રાન્સપોર્ટ અને વિતરણ કેન્દ્રો અલગ અલગ જગ્યાએ હોવાથી સમય અને ખર્ચ બંને વધે છે. આ સમસ્યાનો ઉકેલ લોજિસ્ટિક પાર્ક દ્વારા મળે છે. એક જ સ્થળે તમામ સુવિધાઓ હોવાથી વ્યવસ્થા સરળ બને છે અને સમગ્ર સપ્લાય ચેઇન ઝડપી અને કાર્યક્ષમ બને છે.

ભાવનગરના નવા બંદર અને વરતેજ પાસે અત્યંત આધુનિક પ્રકારના લોજિસ્ટિક પાર્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે તેનું લોન્ચિંગ પણ વાઇબ્રન્ટ ગુજરાતના રિજનલ કોન્ફરન્સમાં થઈ ચૂક્યો છે

લોજિસ્ટિક પાર્કમાં થતી મુખ્ય પ્રવૃત્તિઓ:લોજિસ્ટિક પાર્કમાં સૌથી પહેલું કામ સંગ્રહનું હોય છે. અહીં મોટા અને આધુનિક વેરહાઉસમાં માલને સુરક્ષિત રીતે રાખવામાં આવે છે. ત્યારબાદ પરિવહનની વ્યવસ્થા આવે છે, જેમાં ટ્રક, રેલવે અથવા અન્ય માધ્યમ દ્વારા માલની આવક-જાવક થાય છે. વિતરણની પ્રક્રિયામાં માલને નાના જથ્થામાં વહેંચીને વિવિધ બજારો કે ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. આ સાથે પેકિંગ અને સૉર્ટિંગ જેવી કામગીરી પણ અહીં જ થાય છે, જેથી માલ સીધો બજારમાં મોકલી શકાય.

આધુનિક સુવિધાઓ અને ટેકનોલોજી:લોજિસ્ટિક પાર્ક માત્ર ગોડાઉનનો સમૂહ નથી, પરંતુ તે આધુનિક ટેકનોલોજીથી સજ્જ હોય છે. ડિજિટલ સ્ટોક મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા દરેક વસ્તુનો હિસાબ રાખવામાં આવે છે. કોલ્ડ સ્ટોરેજ જેવી સુવિધાઓ ખાદ્યપદાર્થો અને દવાઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ટ્રક ટર્મિનલ અને પાર્કિંગ સુવિધા કારણે વાહનોની અવરજવર સરળ બને છે. કેટલીક જગ્યાએ રેલ અને પોર્ટ કનેક્ટિવિટી પણ હોય છે, જે આયાત-નિકાસ માટે અત્યંત મહત્વની છે.

ખર્ચ અને સમય બચતના ફાયદા:લોજિસ્ટિક પાર્કનો સૌથી મોટો ફાયદો ખર્ચમાં બચત છે. અલગ અલગ જગ્યાએ થતી કામગીરી એક જ સ્થળે થવાથી ભાડું, ઈંધણ અને માનવશક્તિનો ખર્ચ ઘટે છે. સમયની બચત પણ એટલી જ મહત્વની છે, કારણ કે માલ ઝડપથી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચે છે. ઝડપી ડિલિવરીથી ગ્રાહક સંતોષ વધે છે અને વ્યવસાયની વિશ્વસનીયતા મજબૂત બને છે.

સ્જીસ્ઈ અને ઉદ્યોગોને મળતો લાભ:નાના અને મધ્યમ ઉદ્યોગો માટે લોજિસ્ટિક પાર્ક આશીર્વાદ સમાન છે. મોટા વેરહાઉસ કે ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ઊભી કરવી એમના માટે મુશ્કેલ હોય છે, પરંતુ લોજિસ્ટિક પાર્કમાં તૈયાર સુવિધા મળવાથી તેઓ પોતાના મુખ્ય ઉત્પાદન પર ધ્યાન આપી શકે છે. આથી સ્જીસ્ઈ ને બજારમાં સ્પર્ધા કરવાની શક્તિ મળે છે અને તેમના ઉત્પાદનો રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારમાં સરળતાથી પહોંચી શકે છે.

મલ્ટીમોડલ કનેક્ટિવિટીની ભૂમિકા:આધુનિક લોજિસ્ટિક પાર્કમાં રોડ, રેલ, પોર્ટ અને એર જેવી વિવિધ પરિવહન સુવિધાઓને જોડવામાં આવે છે. આ મલ્ટીમોડલ કનેક્ટિવિટી કારણે માલને સૌથી યોગ્ય અને ઓછા ખર્ચવાળા માધ્યમથી મોકલી શકાય છે. ઉદાહરણ તરીકે, લાંબા અંતર માટે રેલ અથવા શિપિંગ અને ટૂંકા અંતર માટે રોડ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ શક્ય બને છે. આ વ્યવસ્થા દેશના વેપારને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવે છે.

પ્રદેશીય વિકાસમાં લોજિસ્ટિક પાર્કનું યોગદાન:જ્યાં લોજિસ્ટિક પાર્ક વિકસે છે ત્યાં આસપાસના વિસ્તારમાં રોજગારીની તકો ઊભી થાય છે. ટ્રાન્સપોર્ટ, ગોડાઉન, સુરક્ષા, ટેકનોલોજી અને સંચાલન જેવા ક્ષેત્રોમાં અનેક લોકોને કામ મળે છે. આથી સ્થાનિક અર્થવ્યવસ્થા મજબૂત બને છે અને પ્રદેશનો સર્વાંગી વિકાસ થાય છે. સરકાર માટે પણ કર આવક વધે છે, જેનો ઉપયોગ જાહેર સુવિધાઓમાં થઈ શકે છે.

ગુજરાત અને ભારત માટે લોજિસ્ટિક પાર્કનું મહત્વ:ભારત, ખાસ કરીને ગુજરાત જેવા ઔદ્યોગિક રાજ્ય માટે લોજિસ્ટિક પાર્કનું મહત્વ ખૂબ છે. ગુજરાતમાં લાંબી દરિયાકાંઠા, મજબૂત રોડ નેટવર્ક અને ઉદ્યોગોને અનુકૂળ નીતિઓ છે. લોજિસ્ટિક પાર્કના વિકાસથી રાજ્ય આયાત-નિકાસમાં વધુ આગળ વધી શકે છે. સમગ્ર ભારત માટે લોજિસ્ટિક પાર્ક દેશની સપ્લાય ચેઇન મજબૂત કરીને



"મેક ઇન ઇન્ડિયા" અને નિકાસ વધારવાના લક્ષ્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ભવિષ્યની દિશા:આગામી સમયમાં ઇ-કોમર્સ, ઝડપી ડિલિવરી અને વૈશ્વિક વેપાર વધતાં લોજિસ્ટિક પાર્કની માંગ વધુ વધવાની છે. સ્માર્ટ ટેકનોલોજી, ઓટોમેશન અને ગ્રીન એનર્જી આધારિત લોજિસ્ટિક પાર્ક પર વધુ ધ્યાન આપવામાં આવશે. આથી લોજિસ્ટિક પાર્ક માત્ર વેપારનું કેન્દ્ર નહી, પરંતુ દેશના આર્થિક વિકાસનું શક્તિશાળી એન્જિન બની રહેશે. ઉપસંહાર:લોજિસ્ટિક પાર્ક આજના સમયની અનિવાર્ય જરૂરિયાત છે. તે માલના સંગ્રહ, પરિવહન અને વિતરણને સરળ, ઝડપી અને ખર્ચ અસરકારક બનાવે છે. ઉદ્યોગો, સ્જીસ્ઈ, ગ્રાહકો અને સમગ્ર અર્થવ્યવસ્થાને તેનો લાભ મળે છે. તેથી કહી શકાય કે લોજિસ્ટિક પાર્ક દેશના વિકાસની યાત્રામાં એક મહત્વપૂર્ણ પડાવ છે.

# આપણે બીજું શું કરી શક્યા હોત, બાંગ્લાદેશે આઇસીસીના નિર્ણયનો સ્વીકાર કર્યો

ઢાકા,

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) એ આઈસીસીના નિર્ણયનો સ્વીકાર કર્યો અને કહ્યું કે બોર્ડ વધુ કંઈ કરી શક્યું ન હતું.આઈસીસીએ બાંગ્લાદેશની જગ્યાએ ટી ૨૦ વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડનો સમાવેશ કર્યો. ભારત અને શ્રીલંકા ૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી આ ટુર્નામેન્ટનું આયોજન કરવાના છે. બાંગ્લાદેશ ગ્રુપ સીમાં હતું પરંતુ સુરક્ષા ચિંતાઓને કારણે ભારતમાં રમવાનો ઈનકાર કર્યો.

બાંગ્લાદેશ મક્કમ રહ્યું, આઈસીસીને કડક વલણ અપનાવવા અને ટીમને વર્લ્ડ કપમાંથી બહાર કાઢવા માટે મજબૂર કર્યું. બાંગ્લાદેશે હવે પ્રતિક્રિયા આપી છે. બીસીબી મીડિયા કમિટીના ચેરમેન અમજદ હુસૈને કહ્યું કે બાંગ્લાદેશ બોર્ડે પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો, પરંતુ તેઓ જાણતા હતા કે આઈસીસી અમારા દેશની માંગણીઓ



સ્વીકારશે નહીં અને સ્વીકારવા તૈયાર પણ નથી. પરંતુ અમે વધુ કરી શક્યા હોત.

હુસૈને કહ્યું, "અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. અમે આઈસીસી બોર્ડના નિર્ણયનું સન્માન કરીએ છીએ, અને બોર્ડે બહુમતીથી નિર્ણય લીધો છે કે અમારી મેચો ખસેડવામાં આવશે નહીં. આ પછી પણ, અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા અને તેમને અપીલ કરી. કારણ કે તેઓ આમ કરશે નહીં અથવા તેમ કરવા તૈયાર નથી, તેથી અમે વધુ કંઈ કરી શકીએ નહીં. અમે આઈસીસી બોર્ડના નિર્ણયને સ્વીકાર્યો છે, કારણ કે આઈસીસીએ કહ્યું છે કે અમારી મેચો શ્રીલંકામાં ખસેડી શકાતી નથી."તેમણે સંકેત આપ્યો કે બીસીસી કોઈપણ અલગ મધ્યસ્થી અથવા અન્ય પ્રક્રિયાનો આશરો લઈ શકશે નહીં. હુસૈને કહ્યું, "આ સ્થિતિમાં, અમે રમવા માટે ભારત જઈ શકતા નથી, અને અમારું વલણ એ જ છે. અમે અહીં કોઈ અલગ મધ્યસ્થી કે અન્ય પ્રક્રિયામાં ભાગ લઈશું નહીં. અમે સરકાર સાથે વાત કરી છે. સરકારે કહ્યું છે કે અમારા માટે, અમારા ખેલાડીઓ માટે, પત્રકારો માટે, અથવા ટીમ સાથે આવનાર કોઈપણ વ્યક્તિ માટે વર્લ્ડ કપ રમવા માટે ભારત જવું સલામત રહેશે નહીં. તેથી, અમે વિનંતી કરી હતી કે અમારી મેચ શ્રીલંકામાં ખસેડવામાં આવે. જોકે, ઘણી રાઉન્ડની બેઠકો પછી પણ,આઈસીસી સંમત થયું નહીં. આઈસીસીએ કોઈ જવાબ આપ્યો ન હોવાથી, અમે કંઈ કરી શકતા નથી કારણ કે તે સરકારનો નિર્ણય છે."

બીસીબીએ સુરક્ષા ચિંતાઓનો ઉલ્લેખ કરીને ભારતમાં ન રમવાની માંગ કરી અને આઈસીસીને તેની મેચ શ્રીલંકામાં ખસેડવા કહ્યું. બીસીબીની માંગ વચ્ચે, બાંગ્લાદેશની વચગાળાની સરકારના રમત સલાહકાર આસિફ નજરુલે આગમાં ઘી ઉમેર્યું.આઈસીસીએ સૌપ્રથમ બીસીબી સાથે વાત કરી.બીસીબીએ સુરક્ષા ચિંતાઓનો ઉલ્લેખ કર્યો હોવાથી,આઈસીસીએ આ બાબતની સમીક્ષા કરી.આઈસીસીને ભારતમાં કોઈ સુરક્ષા ખામીઓ મળી નથી.આઈસીસીએ બીસીબીને આ વાતની જાણ કરી, પરંતુ બાંગ્લાદેશ મક્કમ રહ્યું અને ભારતમાં ન રમવાના પોતાના નિર્ણયને વારંવાર પુનરાવર્તિત કર્યો.બીસીબીએ આઈસીસીને બાંગ્લાદેશને ગ્રુપ સીમાંથી દૂર કરવાનો અને આયર્લેન્ડને ગ્રુપ બીમાં રાખવાનો વિકલ્પ પણ આપ્યો.

# બાંગ્લાદેશ વિવાદ મામલે BCCIની પ્રથમ પ્રતિક્રિયા, પાકિસ્તાનની ઝાટકણી કાઢી

ઢાકા,

ICCએ ટી૨૦ વર્લ્ડકપ ટુર્નામેન્ટમાંથી બાંગ્લાદેશની હકાલપટ્ટી કરી સ્કોટલેન્ડને સ્થાન આપ્યું છે. પાકિસ્તાન પણ બૉયકોટની ધમકી આપી રહ્યું છે. એવામાં સમગ્ર મામલે પહેલીવાર BCCI તરફથી મોટું નિવેદન આવ્યું છે. BCCIના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ કહ્યું છે કે, ભારત તો ઈચ્છતું હતું કે બાંગ્લાદેશ પણ ટુર્નામેન્ટ રમે, પણ પાકિસ્તાન તેને ગેરમાર્ગે લઈ ગયું.

રાજીવ શુક્લાએ કહ્યું છે કે, અમે તો ઈચ્છતા હતા કે બાંગ્લાદેશ પણ રમે. અમે તેમને કહ્યું હતું કે ભારતમાં તમારા ખેલાડીઓને પૂર્ણ સુરક્ષા આપવામાં આવશે. કોઈ સમસ્યા નહીં થાય. પરંતુ તેઓ કહેતા રહ્યા કે અમે નહીં જ રમીએ. રમીશું તો શ્રીલંકામાં જ રમીશું. આખો કાર્યક્રમ નક્કી થઈ જાય પછી છેલ્લી ઘડીએ ના બદલી શકાય. ત્યારે જઈને ICCએ સ્કોટલેન્ડને સામેલ કરવું પડ્યું. પાકિસ્તાન જ બાંગ્લાદેશને ગેરમાર્ગે લઈ ગયું. પાકિસ્તાન કારણ વગર આ વિવાદમાં ઝંપલાવે છે. બાંગ્લાદેશને ઉશ્કેરવામાં તેનો મોટો હાથ છે. આ



ખોટું કહેવાય. ICCએ ટી૨૦ વર્લ્ડકપમાંથી બાંગ્લાદેશની હકાલપટ્ટી કરતાં પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સતત બાંગ્લાદેશના સમર્થનમાં ICCને ધમકી આપી રહ્યું છે. એવામાં પાકિસ્તાની મીડિયા અહેવાલોમાં દાવો કરાયો છે કે પાકિસ્તાન ભારત સાથેની મેચોનો બૉયકોટ કરી શકે છે. જોકે જો પાકિસ્તાન સમગ્ર ટુર્નામેન્ટનો જ બહિષ્કાર કરે તોૈં ઝઝ કડક કાર્યવાહી કરે તેવી શક્યતા છે.

# ભારત સામે હારવાનો ડર? બાંગ્લાદેશના બહાને ટી૨૦ વર્લ્ડકપમાં પાકિસ્તાનનો નવો ડ્રામા



બાંગ્લાદેશ,

ICCએ ટી૨૦ વર્લ્ડકપમાંથી બાંગ્લાદેશની હકાલપટ્ટી કરતાં પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સતત બાંગ્લાદેશના સમર્થનમાં ICCને ધમકી આપી રહ્યું છે. એવામાં પાકિસ્તાની મીડિયા અહેવાલોમાં દાવો કરાયો છે કે પાકિસ્તાન ભારત સાથેની મેચોનો બૉયકોટ કરી શકે છે. નોંધનીય છે કે બાંગ્લાદેશે ટી૨૦ વર્લ્ડકપ માટે ભારત આવવાનો ઈનકાર કર્યો હતો જે બાદ ICCએ બાંગ્લાદેશને બદલે સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કર્યું છે.

શરૂઆતમાં પાકિસ્તાન તરફથી એવી આડકતરી ધમકીઓ આપવામાં આવી હતી કે બાંગ્લાદેશ નહીં રમે તો અમે પણ ટુર્નામેન્ટ નહીં રમીએ. જોકે જો પાકિસ્તાન સમગ્ર ટુર્નામેન્ટનો જ બહિષ્કાર કરે તા ICC કડક કાર્યવાહી કરે તેવી શક્યતા છે. એવામાં હવે પાકિસ્તાન સરકાર તથા પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ એવી ચર્ચા ચાલી રહી છે કે ટુર્નામેન્ટમાં ભારત સિવાયની જ મેચોમાં રમીએ.

જો પાકિસ્તાન ભારત સાથેની મેચનો બહિષ્કાર કરે તો તેને બે પોઈન્ટનું નુકસાન થશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ મોહસિન નકવીએ કહ્યું છે કે અમે પાકિસ્તાનના વડાપ્રધાન શરીફ સાથે ચર્ચા વિચારણા બાદ નિર્ણયની જાહેરાત કરીશું.

ICCએ ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬માંથી બાંગ્લાદેશને બહાર કરવાનો આદેશ આપ્યો છે. ભારતમાં ન રમવાની જીદે ચઢેલા બાંગ્લાદેશને બદલે હવે સ્કોટલેન્ડ ટુર્નામેન્ટ રમશે. સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કરવાની પુષ્ટિ પણ થઈ ગઈ છે. ICCએ બાંગ્લાદેશના ક્રિકેટ બોર્ડના આ અંગે પત્ર પણ લખ્યો છે. બાંગ્લાદેશની હકાલપટ્ટી બાદ હવે સ્કોટલેન્ડની ગ્રુપ-Cમાં એન્ટ્રી થઈ છે. આ ગ્રુપમાં ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, નેપાળ અને ઈટાલી સામેલ છે. નોંધનીય છે કે છેલ્લા ત્રણ સપ્તાહથી ICC અને બાંગ્લાદેશ વચ્ચે ખેંચતાણ ચાલી રહી હતી. બાંગ્લાદેશની જીદ હતી કે તેમની ટીમ ભારત નહીં આવે અને તેમની મેચો પાકિસ્તાનની જેમ શ્રીલંકામાં શિફ્ટ કરવામાં આવે. જોકે ICCએ સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે ટુર્નામેન્ટમાં રહેવું હોય તો ભારત આવીને જ રમવું પડશે.

# ન્યૂઝીલેન્ડ સામેની આગામી બે મેચમાં નહીં રમી શકે ૨ ખેલાડી, BCCIએ પણ આપ્યા સંકેત

ન્યૂઝીલેન્ડ,

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ૨૬ જાન્યુઆરીએ ન્યૂઝીલેન્ડ સામેની બાકીની બે ૨૦ મેચ માટે ભારતની ટીમની જાહેરાત કરી હતી. તેમણે તિલક વર્માની ફિટનેસ અંગે પણ અપડેટ આપ્યું હતું. બોર્ડે જણાવ્યું હતું કે, તિલક હાલ ટીમમાં પરત નહીં ફરે અને શ્રેયસ ઐયર તેમનું સ્થાન લેશે. મીડિયા રિપોર્ટ્સમાં વોશિંગ્ટન સુંદર અંગે પણ આવી જ અપડેટ જાહેર કરવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, વોશિંગ્ટન સુંદર સીરિઝની બાકીની બે મેચ રમી નહીં શકે.




BCCIએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, "ભારતીય બેટ્સમેન તિલક વર્માએ ફિઝિકલ ટ્રેનિંગ ફરી શરૂ કરી છે. BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે તેમનું પુનર્વસન ઝડપથી આગળ વધી રહ્યું છે. જોકે, તેમને સંપૂર્ણ મેચ ફિટનેસ મેળવવામાં વધુ સમય લાગશે. તેઓ વર્તમાન પાંચ મેચની ૨૦ સીરિઝની અંતિમ બે મેચ માટે ઉપલબ્ધ રહેશે નહીં. તિલક વર્મા સંપૂર્ણ મેચ ફિટનેસ મેળવ્યા પછી ૩ ફેબ્રુઆરીએ મુંબઈમાં ટીમ સાથે જોડાશે. જે ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતના વોર્મ-અપ મેચો પહેલા થશે."

આ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, શ્રેયસ અય્યર ટીમમાં રહેશે. સિલેક્શન કમિટીએ ભલામણ કરી છે કે શ્રેયસ અય્યર બાકીની મેચ માટે તિલક વર્માના સ્થાને રમશે.સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), શ્રેયસ અય્યર, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ (વાઈસ-કેપ્ટન), રિંકુ સિંહ, જસપ્રિત બુમરાહ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી, ઈશાન કિશન(વિકેટકીપર), રવિ બિશ્નોઈ.

વોશિંગ્ટન સુંદર ન્યૂઝીલેન્ડ સામે ૨૦ સીરિઝની છેલ્લી બે મેચ નહીં રમી શકે. વોશિંગ્ટનને પૂર્ણ ફિટનેસ મેળવવામાં સમય લાગશે. રિપોર્ટ મુજબ, તેને સંપૂર્ણ રીતે ફિટ થવામાં બેથી વધુ અઠવાડિયા લાગશે.

# મુંબઈની મેટ્રોમાં વરુણ ધવને કર્યો સ્ટંટ : અધિકારીઓએ અભિનેતાને આપી ચેતવણી



મુંબઈ,

બોલીવુડનો લોકપ્રિય અભિનેતા વરુણ ધવન હાલમાં પોતાની લેટેસ્ટ ફિલ્મ 'બોર્ડર ૨' ની સફળતાના કારણે ચર્ચામાં છે, પરંતુ આ વખતે તે કોઈ ફિલ્મી સીન માટે નહીં પણ મેટ્રોમાં કરેલી એક ભૂલના કારણે હેડલાઈન્સમાં આવ્યો છે. તાજેતરમાં વરુણનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયો છે, જેમાં તે મુંબઈ મેટ્રોની અંદર કસરત કરતો જોવા મળી રહ્યો છે. પોતાની ફિલ્મોમાં અદભૂત એક્શન કરનાર વરુણ માટે મેટ્રોના કોચમાં કરેલા આ 'પુલ-અપ્સ' હવે વિવાદનું કારણ બન્યા છે અને પ્રશાસને તેની સામે લાલ આંખ કરી છે.

આ ઘટના શનિવારની હોવાનું કહેવાય છે, જ્યારે વરુણ ધવન મુંબઈના ભારે ટ્રાફિકથી બચવા માટે મેટ્રોમાં સફર કરી રહ્યો હતો. તે સમયે તેણે અન્ય મુસાફરોની હાજરીમાં મેટ્રોના લોખંડના હેન્ડલ પકડીને પુલ-અપ્સ કરવાનું શરૂ કર્યું હતું. આ વીડિયો સામે આવતા જ 'મુંબઈ મેટ્રો ઓપરેશન કોર્પોરેશન લિમિટેડ એ તેને પોતાના સત્તાવાર એકાઉન્ટ પર શેર કરીને ચેતવણી આપી હતી. મેટ્રો પ્રશાસને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આ હેન્ડલ્સ મુસાફરોની પકડ માટે છે, લટકવા કે કસરત કરવા માટે નહીં.

# નિતાંશી ગોયલે સાજિદ ખાનની ફિલ્મ સ્વીકારતાં ટ્રોલ થઈ



મુંબઈ,

'લાપત્તા લેડીઝ' જેવી દેશવિદેશમાં વખણાયેલી ફિલ્મની મુખ્ય અભિનેત્રી તરીકે સૌની પ્રશંસા મેળવનારી નિતાંશી ગોયલે હવે સાજિદ ખાન જેવા કોઈ સ્તર વગરની અને નિમ્ન કોટિની મસાલા ફિલ્મો બનાવનારા ડાયરેક્ટરની ફિલ્મ અને તે પણ ગોવિંદાના દીકરા યશવર્ધન સાથે હિરોઈન તરીકે સ્વીકારતાં તે ભારે ટ્રોલ થઈ રહી છે.

નિતાંશીએ 'લાપત્તા લેડીઝ' પછી એવી વાતો કરી હતી કે પોતે ફિલ્મોની પસંદગીમાં ધ્યાન રાખશે. તેને તે પછી કેટલાક પ્રોજેક્ટ મળ્યા પણ ખરા પરંતુ તેમાંથી મોટાભાગના પ્રોજેક્ટ આગળ વધી શક્યા નથી. તેના કારણે હતાશામાં આવી જઈને તેણે ' હન્ડ્રેડ ' નામની આ ફિલ્મ સ્વીકારી લીધી છે તેમ ચર્ચાઈ રહ્યું છે. આ ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ગયાની વાત પ્રસરતાં ઓનલાઈન ચાહકોએ તેને ભારે ટ્રોલ કરી હતી.

લોકોએ કહ્યું હતું કે નિતાંશી હજુ લાંબા સમય સુધી રાહ જોઈ શકી હોત. સાજિદ ખાનના દિગ્દર્શન હેઠળ અને ગોવિંદાનો દીકરો યશવર્ધન હીરો હોય તેવી મસાલા ફિલ્મ સ્વીકારવાની તેણે કોઈ જરુર ન હતી. મી ટૂ મુવમેન્ટ વખતે કેટલીય હિરોઈનોએ સાજિદ ખાન પર આરોપો કર્યા હતા. તેને પગલે બોલિવુડે સાજિદનો બહિષ્કાર કરી દીધો હતો. હવે સાત વર્ષ પછી તે પુનરાગમન કરી રહ્યો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | બ | મ | રી | ક | કા | વિ | ગ | સ | વિ | ક | ઊ |
| બં | મ | એ | લ | કા | ર | ચા | શિ | મ | ડી | ક્ષ | પ્ર |
| ધ | લ | જ | પ્રા | દ | ણા | ર | જ્ઞા | ક્ષ | બ | ર | લા |
| ર | સા | ણે | કા | ઇ | મો | ણા | ઈ | ગ | ણ | અં | હા |
| વિ | ર | પ્ર | મો | ક | ભો | ર | ડી | તી | બં | ર | રી |
| વિ | જ્ઞા | ન | સા | લ | સ | મ | ન | દ | બં | બં | પ્ર |
| ર | ક | બા | સ | ર | દ | બ | સા | ધ | દ | આ | અ |
| ત | ણ | પ્ર | ણા | બા | ર | સા | ખ | ર | ળ | ણિ | જી |
| સ | બ | કા | ર | જ્ઞા | શિ | જ્ઞા | દ | ન | ઔ | ર | ભો |
| એ | ર | મા | ર | અઃ | સ | ક્ષ | મ | અ | ચા | પ્ર | ર |
| બ | ધ | વા | ર | ગ | દ | કા | ક | ક | આ | ળો | લા |
| બ | બિ | બ | ળો | જ્ઞા | ડો | ક્રો | ઔ | સા | ર | મા | ઔ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ ,હારબંધ

# શું રશ્મિકા મંડન્ના વાસ્તવિક જીવનના હીરો સાથે ઓનસ્ક્રીન રોમાંસ કરશે ?




મુંબઈ,

રશ્મિકા મંડન્ના તાજેતરમાં વિજય દેવેરાકોંડા સાથેની તેની કથિત સગાઈને કારણે સમાચારમાં છે. ઘણા અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે બંને ટૂંક સમયમાં લગ્ન કરી રહ્યા છે. જોકે, હજુ સુધી બંનેમાંથી કોઈએ પણ સંબંધની પુષ્ટિ કરી નથી. હવે, બંને ઓનસ્ક્રીન રોમાંસ કરવા માટે તૈયાર છે. વિજય દેવેરાકોંડા અને રશ્મિકા મંડન્નાની ફિલ્મનું શીર્ષક પ્રજાસત્તાક દિવસે જાહેર કરવામાં આવશે. ઘણી સફળ ફિલ્મો આપ્યા પછી, વિજય દેવેરાકોંડા હવે તેમની આગામી મોટી ફિલ્મ, જેનું નામ વીડી ૧૪ છે, માટે તૈયારી કરી રહ્યા છે. આ ફિલ્મનું દિગ્દર્શન રાહુલ સાંકૃત્યન દ્વારા કરવામાં આવી રહ્યું છે અને હિટ ફિલ્મ પુષ્પાના નિર્માતાઓ, મૈત્રી મૂવી મેકર્સ દ્વારા સમર્થિત છે. ફિલ્મની જાહેરાત પછી, દર્શકો અપડેટ્સની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, અને તેમનો ઉત્સાહ ચરમસીમાએ છે.

વધુ ઉત્સાહ, ફિલ્મ નિર્માતાઓએ આજે સોશિયલ મીડિયા પર એક રસપ્રદ પોસ્ટર રિલીઝ કર્યું, જેનાથી ઓનલાઈન હલચલ મચી ગઈ. ઉજ્જડ જમીનમાંથી ઘણા લોકો ચાલતા જતા હોય તેવા દ્રશ્ય સાથે, પોસ્ટર એક રહસ્ય રજૂ કરે છે. પોસ્ટરમાં લખ્યું છે, "શાપિત ભૂમિની દંતકથાને ૨૬.૧.૨૬ ના રોજ નામ મળશે," જે સ્પષ્ટપણે એક મોટી જાહેરાત અને પ્રજાસત્તાક દિવસે બહુપ્રતિક્ષિત શીર્ષક જાહેર થવાનો સંકેત આપે છે. આવી મહત્વપૂર્ણ તારીખની ઈરાદાપૂર્વકની પસંદગી જિજ્ઞાસાને વધુ વેગ આપી રહી છે, જેના કારણે ફિલ્મની વાર્તા સાથે ઊંડા અર્થ અથવા પ્રતીકાત્મક જોડાણ વિશે અટકળો શરૂ થઈ રહી છે. પ્રજાસત્તાક દિવસે એક ભવ્ય જાહેરાતના વચન સાથે, વિજય દેવરકોંડાની આગામી ફિલ્મને લઈને ઉત્તેજના ચરમસીમાએ છે.

# રાજકોટ મહાપાલિકામાં જન્મનાં દાખલામાં 'સિંગલ પેરેન્ટસ'નાં નિયમો અમલી

## તમામ દાખલામાં પિતાનાં સ્થાને માતાનું નામ લખી શકશેઃ રાહત આપતો નિર્ણય

રાજકોટ, સરકાર દ્વારા જન્મ-મરણના દાખલામાં થતા સુધારા વધારાના નિયમોમા મોટા ફેરફારો કરી દરેક મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ તથા પંચાયતોને સુચના આપી છે. હાલમાં બદલાયેલા સામાજિક માળખા અને સિંગલ પેરેન્ટસ અને તેમજ મરણના દાખલામાં આવતા અમુક ફરજિયાત નિયમો રદ કરી જન્મના દાખલામાં પિતાના સ્થાને માતાનુ નામ લખવાનો નિયમ મહાનગરપાલિકા દ્વારા અમલી બનાવવામાં આવ્યો છે. પરંતુ ૨૦૧૯ બાદનો ડેટા રીકવર થતો ન હોવાથી હાલમાં ૨૦૧૯ પહેલાના તમામ જન્મના દાખલાઓમાં સિંગલ પેરેન્ટસના નિયમોની અમલવારી શરૂ કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

ગુજરાતના લાખો નાગરિકોને જન્મ અને મરણના દાખલામાં નામ સુધારવા અંગેની મુશ્કેલીઓમાંથી મુક્તિ આપતો એક ક્રાંતિકારી નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એક મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે, જે તાત્કાલિક અસરથી લાગુ થશે. આ નવા નિયમો ખાસ કરીને બદલાયેલા સામાજિક માળખા અને સિંગલ પેરેન્ટ્સને મોટી રાહત આપશે. આ પરિપત્ર મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અમલવારી શરૂ કરવામાં આવી છે.

જો છૂટાછેડા લીધેલા દંપતીના કિસ્સામાં બાળકની કસ્ટડી કોર્ટના આદેશ મુજબ માતા પાસે હોય, તો બાળકના જન્મના પ્રમાણપત્રમાં તેના નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખી શકાશે. પિતાના નામની કોલમમાં જૈવિક પિતાનું નામ દૂર કરી શકાશે નહીં, તે ફરજિયાત જ રહેશે. જોકે, આ નામ બાળકના પૂર્ણ નામના ક્રમમાં વૈકલ્પિક બનાવી શકાય છે. અરજદારની ઈચ્છા મુજબ, બાળકના નામ પાછળ મિડલ નેમ (પિતાનું નામ) અને લાસ્ટ તેમ (અટક) બંને વૈકલ્પિક રહેશે. એટલે કે દાખલામાં માત્ર 'બાળકનું નામ' જ રાખી શકાશે. હવે બાળકના નામમાં પ્રથમ અટક, વચ્ચે બાળકનું નામ અને છેલ્લે પિતાનું નામ (દા.ત. અટક, બાળકનું નામ, પિતાનું નામ) રાખવાની છૂટ આપવામાં આવી છે.

નાગરિકોને સૌથી મોટી રાહત આપતો નિયમ એ છે કે હવે જન્મ-મરણની નોંધમાં એકથી વધુ વખત સુધારો કરી શકાશે. અગાઉ, ૨૦૦૭ના નિયમો મુજબ રજિસ્ટ્રાર દ્વારા માત્ર એક જ વાર સુધારો કરી શકાતો હતો. હવે, સંજોગો અને નિયમો બદલાય ત્યારે યોગ્ય આધાર-પુરાવા રજૂ કરીને ફરીવાર પણ જરૂરી સુધારા કરી શકાશે. મરણના પ્રમાણપત્રમાં પણ સુધારો કરાયો છે. હવે મરનારના નામ પાછળ પિતા કે પતિનું નામ અને અટક લખાવવી વૈકલ્પિક ગણાશે.મુખ્ય રજિસ્ટ્રાર દ્વારા રાજ્યના તમામ જિલ્લા રજિસ્ટ્રાર, મહાનગરપાલિકા અને નગરપાલિકાના અધિકારીઓને આ નવી એડવાઈઝરીનો તાત્કાલિક અમલ કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

# એઈમ્સ રાજકોટની વધુ એક ઐતિહાસિક સિદ્ધિઃ હાડકાના દુર્લભ કેન્સરની સફળ સર્જરી



રાજકોટ,

એઈમ્સ રાજકોટ તબીબી ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. હોસ્પિટલની નિષ્ણાાત ટીમે હાડકાના અત્યંત દુર્લભ ગણાતા કેન્સરની સફળ સર્જરી કરીને ૭૩ વર્ષીય વૃદ્ધને નવું જીવન બક્ષ્યું છે. એઈમ્સ રાજકોટ ખાતે કરવામાં આવેલી આ પ્રથમ મેગા પ્રોસ્ટેરસિસ રિપ્લેસસમેન્ટ સર્જરી છે, જે સામાન્ય રીતે દેશના પસંદગીના કેન્સર કેન્દ્રો જ થતી હોય છે.

જામનગરના રહેવાસી એક ૭૩ વર્ષીય દર્દી ઘૂંટણમાં અસહ્ય દુખાવો અને પગ પર વજન ન મૂકી શકવાની તકલીફ સાથે એઈમ્સ્ રાજકોટની ઓ.પી.ડી.માં આવ્યા હતા. તપાસ દરમિયાન નિદાન થયું હતું કે તેમને પગના હાડકાનું અત્યંત દુર્લભ કેન્સર છે. તેમને પ્રોક્સિસમલ ટિબિયા (પગનું ઉપરનું હાડકું)નું 'પ્રાઈમરી નોન-હોજાકિન્સી લિમ્ફોમા' હતું અને તેના કારણે પેથોલોજિકલ ફ્રેક્ચર પણ થયું હતું.

સારવાર અને જટિલ સર્જરી નિદાન બાદ પ્રથમ તબક્કામાં દર્દીને કીમોથેરાપી આપવામાં આવી હતી. કીમોથેરાપી પૂર્ણ થયા બાદ, તારીખ ૧૬ જાન્યુઆરીના રોજ ૧૦ ડોક્ટરો અને સ્ટાફની ટીમ દ્વારા લિમ્બર-સેલ્વ જ સર્જરી હાથ ધરવામાં આવી હતી. આ સર્જરીમાં કેન્સરગ્રસ્ત હાડકાનો ભાગ દૂર કરી તેની જગ્યારએ મેગા પ્રોસ્ટેસિસ મૂકવામાં આવ્યું હતું. આ પદ્ધતિ સામાન્ય ઘૂંટણ રિપ્લેસમેન્ટ કરતા તદ્દન અલગ અને પડકારજનક હોય છે. સર્જરી બાદ દર્દી સંપૂર્ણ સ્વસ્થ થતા તેમને રજા આપવામાં આવી છે.

સર્જરી કરનાર નિષ્ણાત ટીમઃ આ સફળ ઓપરેશનમાં ઓર્થોપેડિક ઓક્રો સર્જન ડો. અક્ષત ગુપ્તા, ઓર્થોપેડિક સર્જન ડો. રવિ કુમાર અને ડો. અભિષેક કુમાર મિશ્રા, પ્લાસ્ટિક સર્જન ડો. નૂપુર અગ્રવાલ તથા એનેસ્થેટિસ્ટ ડો. સુમિત બંસલ સહિતની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ જટિલ કેસમાં સફળતા બદલ એઈમ્સ રાજકોટના એક્ઝિક્યુટટિવ ડિરેક્ટર પ્રોફેસર ડો. એલ. એન. દોરૈરાજન, ડેપ્યુટી ડાયરેક્ટર લેફટનન્ટ્ કર્નલ અંકુર પ્રતાપ સિહ અને મેડિકલ સુપ્રિડેન્ટ પ્રોફેસર ડો. પિકી સાહુએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# રૂ. ૨૯ કરોડનાં ખર્ચે બનેલા આમ્રપાલી બ્રિજમાં વગર વરસાદે પાણી

## રિપેરિંગનાં નામે લાખોનો ખર્ચ છતાં સ્થિતિ જૈસે થે, ખાડા પુરવામાં પણ તંત્ર ઉદાસીન, હજારો વાહનચાલકોને હાલાકી



રાજકોટઃ

રાજકોટમાં આવેલા અને ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા આમ્રપાલી અન્ડરબ્રિજમાં વગર વરસાદે પાણી ભરાવાની સમસ્યા હજુ યથાવત્ છે. અહીં તાજેતરમાં રિપેરિંગનાં નામે લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે, છતાં સ્થિતિ જૈસે થે જેવી છે. એટલું જ નહી કિસાનપરા ચોક ખાતેથી રૈયારોડ તરફ જવાના રસ્તે મસમોટા ખાડા અંગે પણ તંત્ર ઉદાસીન છે. તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે હજારો વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે આજે દિવ્યભાસ્કરનાં માધ્યમથી વાહન ચાલકોએ આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી હતી. જો કે મનપાનાં ઈજનેરે પણ થોડી કામગીરી બાકી હોવાનું અને તે ઝડપથી પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જણાવ્યું છે.પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ શહેરના આમ્રપાલી ફાટક પાસેથી હજારોની સંખ્યામાં વાહનચાલકો પસાર થતા હોય છે. લોકોને ટ્રેનની રાહ જોવી ન પડે પાસે તે માટે ૨૦૧૯માં અહીં રૂપિયા ૨૯ કરોડના ખર્ચે અન્ડરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણી દ્વારા બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બ્રિજનાં નિર્માણ બાદ લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી છુટકારો મળ્યો છે, પરંતુ બ્રિજમાંથી વાહન લઈને પસાર થવું સતત જોખમી રહે છે. ૨૦૨૧થી જ બ્રિજમાં વગર વરસાદે પાણી આવવાની સમસ્યા છે.આ પાણી ભરાતું અટકાવવા માટે તબક્કાવાર રિપેરિંગ કરવામાં આવ્યા છે. તાજેતરમાં ગત નવેમ્બર મહિનામાં કોંગ્રેસનાં વિરોધ બાદ મનપા દ્વારા સમારકામનાં નામે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જોકે આમ છતાં હજુ બ્રિજની અંદર વગર વરસાદે પાણી ભરેલું જોવા મળે છે, જેને લઈને હજારો વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અહીંથી પસાર થતા વાહનચાલકોને સતત અકસ્માતનો ભય સતાવે છે. એટલુ જ નહીં બ્રિજની એકતરફ મોટા ખાડાઓ પડ્યા છે, છતાં તંત્ર દ્વારા આ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.અર્જુનસિંહ નામના નાગરિકે દિવ્ય ભાસ્કરને જણાવ્યું કે, મારી ઓફિસ નજીકમાં હોવાથી હું અહીંથી નિયમિત રીતે પસાર થાવ છું. અહીં પાણીની સમસ્યા કાયમી હોય છે. એટલું જ નહીં બ્રિજમાં ખાડાઓ પણ પડી ગયા છે, જેને લઈને મહિલાઓ અને બાળકોને લઈને નીકળવુ જોખમી બન્યું છે. અવારનવાર અહીં વાહન સ્લીપ થવાના બનાવો પણ બનતા હોય છે, જેને લઈને સ્વાભાવિક રીતે ડર લાગે છે. ચૂંટણીનો સમય હોય ત્યારે શાસકો ધ્યાન આપે છે. હાલ બ્રિજનું સુશોભન કરવામાં આવ્યું છે, પરંતુ રસ્તા બાબતે કોઈ કામગીરી થઈ નથી અને પાણી ભરાવાની સમસ્યા પણ યથાવત છે. ત્યારે આ મામલે તાત્કાલિક પગલાંઓ લેવાય તેવી મારી માગ છે.

# જીટીયુ આયોજીત પદવીદાન સમારોહમાં રાજકોટની સનસાઈન કોલેજના છાત્રાએ ગોલ્ડમેડલ મેળવ્યા




રાજકોટ,

જીટીયુ દ્વારા આયોજીત ૧૫માં દિક્ષાંત સમારોહમાં સનસાઈન ગ્રુપના વિદ્યાર્થીઓએ સમગ્ર ગુજરાતમાં પાંચ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.સનસાઈન કોલેજની વિદ્યાર્થિની રીયા મહેતાએ એમ.બી.એ કોર્સમાં તથા ફાઈનાન્સ બ્રાન્ચમાં કુલ બે ગોલ્ડ મેડલ, સિંધવનંદનીએ ઈન્ટરનેશનલ બિઝનેશ બ્રાન્ચમાં અને ખીચડીયા દીપાશાએ (બી.એફ.એસ.આઈ) અને રાઠોડ પ્રીતિ બી.વોક (સેલ્સ એન્ડ માર્કેટીંગ મેનેજમેન્ટ)માં ગોલ્ડ મેડલ મેળવ્યા હતાં. છેલ્લા ૧૬ વર્ષથી સતત જીટીયુ ટોપટેનમાં વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી અને તમામ કોર્સમાં દર વર્ષે ગોલ્ડ મેડલ મેળવ્યા છે.

# રાજકોટ જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી મુછારને સરની શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ



રાજકોટ,

રાજકોટ વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી અને તાજેતરમાં સ્પેશ્યલ ઈન્ટેસીવ રિવિઝન (સર)ની શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ જિલ્લાના અધિક નાયબ ચૂંટણી અધિકારી એન.કે.મુછારને શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રીય મતદાન દિવસે રાજ્યપાલના હસ્તે એવોર્ડ એનાયત કરાયો છે.

રાજકોટ જિલ્લાના અધિક નાયબ ચૂંટણી અધિકારી અને ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર એન.કે.મુછારે લોકસભા ચૂંટણી દરમિયાન કરેલી શ્રેષ્ઠ કામગીરી અને તાજેતરમાં ચાલતી સર ની કામગીરીમાં નોંધપાત્ર કામગીરી કરી છે. આથી ચૂંટણી પંચ દ્વારા તેઓની પસંદગી 'બેસ્ટ ઈલેક્ટોરલ પ્રેક્ટીસીસ એવોર્ડ-૨૦૨૫' તરીકે રાજ્યના એકમાત્ર અધિકારીની કરવામાં આવી છે.

આ એવોર્ડ ગાંધીનગરમાં રાષ્ટ્રીય મતદાતા મહોત્સવમાં રાજ્યપાલના હસ્તે એનાયત કરવામાં આવેલ હોય રાજકોટ જિલ્લાની ચૂંટણી ટીમમાં આનંદની લહેર છવાઈ છે. આ ઉપરાંત સરની કામગીરીમાં રાજકોટ જિલ્લાના જસદણ અને ધોરાજીના ડે.કલેક્ટરની કામગીરીની પણ નોંધ લેવામાં આવી છે.

# યુનિવર્સલ સ્કૂલમાં પ્રજાસત્તાક દિન મહોત્સવ એટલે વિકસીત ભારતનો સંકલ્પ કરવાનો પવિત્ર અવસર : ડો.વલ્લભ કથીરિયા




રાજકોટઃ રાજકોટ મધ્યે માયાણી ચોક સ્થિત યુનિવર્સલ સ્કૂલ કેમ્પસમાં ભારત વર્ષના ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ગૌરવસભર, શિસ્તબદ્ધ અને રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત રીતે કરવામાં આવી. આ અવસરે ભારત સરકારના પૂર્વ મંત્રી તથા પ્રખર રાષ્ટ્રસેવક ડૉ. વલ્લભભાઈ કથીરિયાના કરકમળે ધ્વજવંદન કરવામાં આવ્યું. સલામી બાદ જન - ગણ - મન રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું, સમગ્ર રાષ્ટ્રીય ઉત્સવમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકવર્ગ, સંચાલકમંડળ તથા ઉપસ્થિત મહેમાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સમગ્ર શાળા પરિસર દેશપ્રેમ અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાથી ગુંજી ઉઠ્યો.

આ સંગે વિદ્યાર્થીઓ અને ઉપસ્થિતોને સંબોધન કરતાં ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું કે પ્રજાસત્તાક દિન આપણને ભારતના સંવિધાન દ્વારા પ્રદાન કરાયેલા અધિકારો સાથે-સાથે ફરજોનું પણ સ્મરણ કરાવે છે. ડૉ. કથીરિયાએ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી કાળથી શિસ્ત, અનુશાસન, સત્ય, અહિંસા, કરુણા, રાષ્ટ્રભક્તિ, સેવા અને આધ્યાત્મિકતાના સંસ્કારની કેળવણી પર ભાર મૂકવા ઉદાહરણો સહિત અનુરોધ કર્યો હતો. વ્યક્તિત્વ વિકાસ દ્વારા જ વિકસિત ભારત ૨૦૪૭ નું સ્વપ્ન સાકાર વર્તમાન યુવા પેઢી દ્વારા જ થશે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં એકાગ્રતા, પોતાની રૂચીના વિષયમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા, ભારત માતાને આરાધ્ય દેવી માની તન, મનથી સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે સંકલ્પ કરવા પ્રોત્સાહિત કર્યા હતાં. સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર, સુભાષ ચંદ્ર બોઝ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, મંગલ પાંડે, વીર સાવરકર, અશફાકુલ્લા ખાન, મેડમ કામા, સરદારસિંહ રાણા, શ્યામજીકૃષ્ણ વર્મા, લાલ – બાલ - પાલ ની ત્રીપુટી, રાણી લક્ષ્મીબાઈ, મહારાણી અહલ્યાબાઈ, લેડી ગાઈડીન લ્યુ અને બાલ શહીદોની સ્વતંત્ર અને સાર્વભૌમ ભારતની સંકલ્પના ને સાકાર કરવા રાષ્ટ્રભક્તિનો ઉન્માદ જગાવવા કટીબદ્ધ બનવા પ્રેરણા આપી હતી. તેમજ પર્યાવરણ સંરક્ષણ જેવા રચનાત્મક કાર્યોને ભારતીય વિરાસત વિશેષ સંવિધાનિક મૂલ્યો સાથે ભારતીય સંસ્કૃતિના આદર્શોને જોડીને રાષ્ટ્ર નિર્માણમાં કર્મયોગી બની યોગદાન આપવાની અપીલ કરી હતી.

# રાજકોટના દાણાપીઠમાંથી વર્ષો જૂના યુરિનલને દૂર કરવાની હિલચાલથી વેપારીઓમાં રોષ

રાજકોટ,

દાણાપીઠમાંથી પબ્લિક યુરિનલ દૂર કરવાની હિલચાલથી હોબાળો મચી ગયો હતો. દાણાપીઠ બજારમાં આવેલી ૭૦ વર્ષ જુની પબ્લિક યુરિનલ તોડવા જતા વેપારીઓમાં હોબાળો મચી ગયો હતો અને સ્થળ ઉપર ગયેલા મ્યુનિ.સ્ટાફને ભાગવું પડ્યું હોવાનું જાણવા મળે છે.

વિશેષમાં સૂત્રોમાંથી પ્રાપ્ત મુજબ બે દિવસ પૂર્વે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ચીફ પર્યાવરણ ઈજનેર તેમજ અન્ય બે ચાર લોકો આવ્યા હતા અને પબ્લિક યુરિનલ દૂર કરવાની છે તેમ કહી ગયા હતા દરમિયાન આ વાત સાંભળી વેપારીઓ દુકાન બહાર નીકળી આવ્યા હતા અને હોબાળો થતા ચીફ પર્યાવરણ ઈજનેરને સ્થળ ઉપરથી આવ્યા હતા

દાણાપીઠના વેપારીઓએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે પબ્લિક યુરિનલ પાસે એક બિલ્ડિંગ બની રહ્યું છે કદાચ તે બિલ્ડિંગના એલિવેશનમાં આ યુરિનલ આડે આવતી હોય દૂર કરવા પ્રયાસ કરવામાં આવ્યો હોય તેમ જણાય રહ્યું છે. હાલ તા.૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી દરમિયાન શનિ, રવિ, સોમ તેમ ત્રણ દિવસની રજા આવતી હોય રજાના દિવસોમાં યુરિનલ દૂર કરી નાખવાનું પ્લાનિંગ હોય તેમ જણાતા વેપારીઓએ મામલો મહાપાલિકાના પદાધિકારીઓ સુધી પહોંચાડ્યો હોવાનું જાણવા મળે છે.

# બી.એચ.ગાર્ડી કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફીક અને હેલમેટનું મહત્વ સમજાવવા જાગૃકતા અભિયાનનું આયોજન કરાયું



રાજકોટઃ

બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી ટ્રાફિક અંગે જાણકારી અને હેલ્મેટ પહેરવાનું મહત્વ અંગે જાગૃકતા અભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવો, વાહનચાલકોમાં ટ્રાફિક નિયમોની જાગૃતિ વધારવી તથા ખાસ કરીને દ્વિચક્ર વાહનચાલકોમાં હેલ્મેટ પહેરવાની આવશ્યકતા અંગે સંદેશ પહોંચાડવાનો હતો.

આ અભિયાન દરમિયાન કોલેજના પ્રિન્સિપલ ડૉ. વિમલકુમાર પટેલ દ્વારા વિદ્યાર્થીઓ તથા સ્ટાફને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે હેલ્મેટ પહેરવાનું મહત્વ, ટ્રાફિક નિયમોના પાલનની આવશ્યકતા તથા માર્ગ અકસ્માતોથી બચવા માટે અપનાવવાની સાવચેતી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ અવસરે ડૉ. વિમલકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ હાજર વિદ્યાર્થીઓ અને નાગરિકોને હેલ્મેટ પહેરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી, જેથી માર્ગ સલામતી પ્રત્યે જવાબદાર નાગરિક બનવાનો સંદેશ વધુ મજબૂત બને.

આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, ગતિ મર્યાદાનું ધ્યાન રાખવા તેમજ હેલ્મેટ વિના વાહન ન ચલાવવાની અપીલ કરી હતી. અભિયાન દરમિયાન હેલ્મેટ પહેરવાના મહત્વ અંગેના સંદેશાઓ, માર્ગ સલામતી સંબંધિત સૂચનાઓ અને જનજાગૃતિના સૂત્રો દ્વારા નાગરિકોને માર્ગ સલામતી પ્રત્યે સચેત અને જવાબદાર બનવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આવા સામાજિક ઉપયોગી કાર્યક્રમો દ્વારા કોલેજ યુવા પેઢીમાં જવાબદારી, શિસ્ત અને નાગરિક જાગૃતિ વિકસાવવાનો સતત પ્રયાસ કરી રહી છે.

બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ભવિષ્યમાં પણ સમાજહિતને ધ્યાનમાં રાખી આવા જાગૃતિસભર કાર્યક્રમોનું નિયમિત આયોજન કરતી રહેશે, તેવી પ્રતિબદ્ધતા ગાડી વિદ્યાપીઠના મેનેજીંગ ડિરેક્ટર શ્રી જય મહેતા દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# રાજકોટના રામકૃષ્ણ આશ્રમમાં વસંત પંચમીની ઉજવણી

રાજકોટ,

શ્રીરામકૃષ્ણ આશ્રમ ખાતે ૨૩ જાન્યુઆરીના રોજ વસંત પંચમીના પાવન અવસરે વિદ્યાના દેવી માતા સરસ્વતીના પૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. માતા સરસ્વતીની સુંદર અને મનોહર પ્રતિમાની સ્થાપના કર્યા બાદ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે વિશેષ પૂજા-અનુષ્ઠાન કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે વહેલી સવારે મંગલ આરતી,વાતાવરણને ભક્તિમય બનાવવા માટે વૈદિક પાઠ, સ્તોત્ર ગાન બાદ શ્રીસરસ્વતીદેવી અને ભગવાન નારાયણની વિશેષ ષોડશોપચાર પૂજા અને હોમનું આયોજન કરાયું હતું. આ પાવન પ્રસંગે ઉપસ્થિત ભક્તજનો દ્વારા માતાજીના ચરણોમાં શ્રદ્ધાપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# ભારતભરમાં ગણતંત્ર દિવસની આન,બાન અને શાનથી ઉજવણી

## નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને અને યુરોપિયન પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી





નવી દિલ્હી,

ભારતમાં પ્રજાસત્તાક પર્વની આન,બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી.રાજધાની નવી દિલ્હી સહિત દેશભરમાં ધ્વજવંદન,પરેડ તેમજ સાંસ્કૃતિક સહિતના કાર્યક્રમો સાથે પર્વની ઉજવણી કરવામાં આવી હતી.નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષ સ્થાને ગણતંત્ર દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.આજની ઉજવણીના કાર્યક્રમમાં યુએસ પ્રતિનિધિમંડળ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યું હતું અને ધ્વજ વંદન બાદ યોજાતી પરેડમાં ભારતની ઉભરતી શક્તિને નિહાળી હતી.

ભારતમાં આજે ૭૭માં પ્રજાસત્તાક દિવસ અત્યંત ઉત્સાહ અને દેશભક્તિ સાથે ઉજવી રહ્યો છે. કર્તવ્ય પથ પર યોજાનારી ભવ્ય પરેડમાં ભારત પોતાની વિકાસ યાત્રા, સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને વધતી જતી સૈન્ય શક્તિનું પ્રદર્શન કર્યું હતું. આ વર્ષનો સમારોહ 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષની થીમ પર આધારિત હતો, જેની આગેવાની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ કરી હતી. આજની પરેડમાં રિપબ્લિક ડેની પરેડમાં ધનુષ ગન સિસ્ટમ અને અમોગ એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ સામેલ કરવામાં આવશે. બંને સિસ્ટમો આત્મનિર્ભર ભારતની ભાવના અને સંરક્ષણ ઉત્પાદનમાં ટેકનોલોજીકલ સ્વનિર્ભરતા દર્શાવે છે. સુપરસોનિક બ્રહ્મોસ હથિયાર સિસ્ટમ અને સ્વદેશી સૂર્યાસ્ત્ર યુનિવર્સલ રોકેટ લોન્ચર સિસ્ટમ દ્વારા લાંબા અંતરની ચોકસાઈ અને જબરદસ્ત ફાયરપાવર દર્શાવવામાં આવશે. સાથે મળીને, આ ઊંડા પ્રહાર ક્ષમતા, દુશ્મનના પ્રદેશમાં ઊંડે સુધી પ્રહાર કરવાની ક્ષમતા દર્શાવી હતી.

પરેડમાં ભારતીય સશસ્ત્ર દળોએ "ઓપરેશન સિંદૂરઃ સંયુક્તતા દ્વારા વિજય" શીર્ષકવાળી એક શક્તિશાળી ત્રિ-સેવાઓની ટેબ્લો રજૂ કરી, જે પરિવર્તિત સંરક્ષણ ક્ષમતાઓ દ્વારા શક્તિ, એકતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વના રક્ષણનું પ્રતીક છે.

૧૮ દિવસની અંતરિક્ષ યાત્રા કરીને ઈતિહાસ રચનારા શુભાંશુ શુક્લાને અશોક ચક્રથી રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરાયા. આ વર્ષે પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ તરીકે યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય રંગ ઉમેરતા યુરોપિયન યુનિયનનું એક દસ્તો પણ ચાર ઝંડાઓ સાથે પરેડમાં ભાગ લેશે. વિશેષ અતિથિ તરીકે ૪૦ દેશોના બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ પણ હાજર રહેશે, જે વિશ્વને શાંતિ અને અહિંસાનો સંદેશ આપશે.

'ઓપરેશન સિંદૂર' પરેડમાં ભારતની સૈન્ય તાકાતનું ભવ્ય પ્રદર્શન કરવામાં આવશે. આ વખતે 'ઓપરેશન સિંદૂર' માં વપરાયેલા પ્રમુખ હથિયારો અને નવી રચાયેલી સૈન્ય ટુકડીઓના મોડેલ રજૂ કરવામાં આવશે. સૌથી ખાસ આકર્ષણ ભારતીય સેનાનું 'ફેઝ્ડ બેટલ એરે' પ્રદર્શન જેમાં ડ્રોન, ટેન્ક અને તોપખાના દ્વારા અસલી યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ઉજવણીની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પીને કરવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રપતિ અને મુખ્ય અતિથિઓ પરંપરાગત બગીમાં સવાર થઈ કર્તવ્ય પથ પહોંચ્યા હતા.જેમાં ૨૧ તોપોની સલામી, વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને રૈ-૧૭ હેલિકોપ્ટરો દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી.

# ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ રાજસ્થાનમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો ઝડપાતા ખળભળાટ

## પોલીસે નાગૌર જિલ્લાના એક ગામમાં આવેલ ફાર્મહાઉસમાં દરોડો પાડી ગેરકાયદે એમોનિયમ નાઈટ્રેટના ૧૮૭ કટ્ટા કબજે કર્યા : વિસ્ફોટ કરવા માટેના અન્ય સાધનો પણ મળી આવ્યા

નાગૌર,

રાજસ્થાનમાં ગણતંત્ર દિવસ પૂર્વે સુરક્ષા એજન્સીઓએ નાગૌર જિલ્લામાં દરોડો પાડીને મોટો ગેરકાયદે વિસ્ફોટક જથ્થો ઝડપી પાડ્યો છે. ગણતંત્ર દિવસની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજસ્થાન પોલીસ હાઈ એલર્ટ પર છે. આ દરમિયાન નાગૌર જિલ્લાના થાવલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસની ડિસ્ટ્રિક્ટ સ્પેશિયલ ટીમ અને સ્થાનિક પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. હરસૌર ગામમાં એક ફાર્મ હાઉસ પર દરોડો પાડીને પોલીસે આશરે ૯૫૫૦ કિગ્રા ગેરકાયદે એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યું છે. રાજ્યમાં વિસ્ફોટકોની આ અત્યાર સુધીની સૌથી મોટી રિકવરી માનવામાં આવે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી સુલેમાન ખાને તેના ફાર્મ હાઉસમાં બનેલા એક મકાનમાં આ વિસ્ફોટક જથ્થો અત્યંત ગુપ્ત રીતે છુપાવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસને ૧૮૭ કટ્ટામાં ભરેલું એમોનિયમ નાઈટ્રેટ મળી આવ્યું હતું. આ ઉપરાંત, વિસ્ફોટ કરવા માટે વપરાતા અન્ય સાધનો પણ જપ્ત કરાયા છે, જેમાંઃ ૯ કાર્ટન ડેટોનેટર, ૧૨ કાર્ટન અને ૧૫ બંડલ વાદળી ફ્યુઝ વાયર, ૧૨ કાર્ટન અને ૫ બંડલ લાલ ફ્યુઝ વાયર મળી આવ્યા છે.

ધરપકડ કરાયેલ આરોપી સુલેમાન ખાન હરસૌર ગામનો જ રહેવાસી છે. નાગૌર એસપી મૃદુલ કચ્છવાએ જણાવ્યું કે સુલેમાન સામે અગાઉ પણ ગેરકાયદે વિસ્ફોટકો રાખવાના ૩ ગુના નોંધાયેલા છે. પ્રાથમિક પૂછપરછમાં તેણે જણાવ્યું કે તે ખાણકામ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકોને આ વિસ્ફોટકો સપ્લાય કરતો હતો. જોકે, પ્રજાસત્તાક દિવસ પૂર્વે આટલો મોટો જથ્થો મળવો એ ગંભીર બાબત છે.

એમોનિયમ નાઈટ્રેટ એ અત્યંત ઘાતક વિસ્ફોટક છે, જેનો ઉપયોગ અગાઉ અનેક આતંકી હુમલાઓમાં થયો છે. નવેમ્બર ૨૦૨૫માં દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા ધમાકામાં પણ આ પ્રકારના વિસ્ફોટકોનો ઉપયોગ થયો હતો. આ બાબતની ગંભીરતાને જોતા રાજસ્થાન પોલીસે કેન્દ્રીય તપાસ એજન્સીઓને જાણ કરી છે. હવે એજન્સીઓ એ તપાસ કરશે કે શું આ જથ્થાનો ઉપયોગ કોઈ મોટી આતંકી સાજિશમાં કરવાનો હતો કે કેમ?

# ભારત અને અમેરિકા વચ્ચે તણાવ ઘટાડવા યુએસ પ્રતિનિધિઓ ભારતની મુલાકાતે

## અમેરિકન પ્રતિનિધિ મંડળ અને ભારતના વિદેશમંત્રી વચ્ચે વેપાર સહિતના મુદ્દાઓ પર થઈ ચર્ચા

નવી દિલ્હી,

ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી ટેરિફ વોરના લીધે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. જ્યારે થોડા સમયથી અમેરિકા ફરી એક વાર ભારત સાથે સબંધોને સામાન્ય કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જેના ભાગરૂપે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક પ્રતિનિધિમંડળ ભારત મોકલ્યુંછે. આ પ્રતિનિધિમંડળે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી. આ બેઠકનો હેતુ ભારત-અમેરિકા સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરીને સંબંધોને મજબૂત બનાવવાનો હતો.

ભારત-અમેરિકાની બેઠકમાં વેપાર અને સુરક્ષા સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ બેઠક બંને દેશો વચ્ચેના સંબંધોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે થઈ છે. આ બેઠકમાં હાજર રહેલા યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે તેને સફળ ગણાવી હતી. આ ચર્ચામાં સુરક્ષા, વેપાર અને મહત્વપૂર્ણ ટેકનોલોજીના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય ભાગીદારીને મજબૂત બનાવવા પર હતું. યુએસ કોંગ્રેસના પ્રતિનિધિમંડળમાં જીમી પેટ્રોનિસ, માઈક રોજર્સ અને એડમ સ્મિથનો સમાવેશ થાય છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે બંને પક્ષો ટ્રેડ ડીલ માટે વાટાઘાટો આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ બેઠક અંગે વિદેશ મંત્રી એસ. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ બેઠકને ફળદાયી ગણાવી હતી. જેમાં લખ્યું હતુ કે, "ભારત-અમેરિકા સંબંધો, ભારત-પ્રશાંત અને યુક્રેન સંઘર્ષના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસ સાથે જોડાણ હંમેશા અમારા સંબંધોનો મહત્વપૂર્ણ ભાગ રહ્યું છે." જેની બાદ યુએસ એમ્બેસેડર ગોરે પણ તેમને ટેગ કરીને પોસ્ટ કરી અને લખ્યું કે. અમે યુએસ-ભારત ભાગીદારીને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી. આમાં મજબૂત સુરક્ષા, વિસ્તૃત વેપાર અને મહત્વપૂર્ણ તકનીકો પર સહયોગનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય પ્રોડક્ટ પર ૫૦ ટકા સુધીના ભારે ટેરિફ ઝીંક્યા બાદ ભારત-અમેરિકાના સંબંધોમાં ભારે તણાવ ઉભો થયો હતો. જેમાં રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદી પર ૨૫ ટકા દંડાત્મક ટેરિફનો પણ સમાવેશ થાય છે. ગત વર્ષે બંને પક્ષોએ પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે અનેક રાઉન્ડની વાટાઘાટો કરી હતી. પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

# મેક્સિકોમાં ફૂટબોલ મેચ દરમિયાન અંધાધૂંધ ફાયરિંગમાં ૧૧ લોકોના મોત

મેક્સિકો

હુમલાખોરોએ અચાનક ગોળીબાર શરૂ કરી દેતા નાસભાગ મચી ગઈ હતી. ફાયરિંગને કારણે ૧૦ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજયા : એક ડઝનથી વધુ લોકોને ગંભીર ઈજા

ગુઆનાહુઆતો મેક્સિકોના ગુઆનાહુઆતો રાજયમાં રવિવારે એક ફૂટબોલ મેચ દરમિયાન સશસ્ત્ર હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ ભયાનક ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે અને ૧૨ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલો લોમા દે ફ્લોરેસ વિસ્તારમાં થયો હતો, જ્યાં મોટી સંખ્યામાં લોકો ફૂટબોલ મેચ જોવા માટે એકઠા થયા હતા.

હુમલાખોરોએ અચાનક ગોળીબાર શરૂ કરી દેતા નાસભાગ મચી ગઈ હતી. ફાયરિંગને કારણે ૧૦ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજયા હતા, જયારે એક વ્યક્તિએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. સ્થાનિક મેયરની કચેરીએ આ ઘટનાની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જેમાંથી કેટલાકની હાલત હજુ પણ નાજુક છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ, સેના અને નેશનલ ગાર્ડના જવાનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને ઘેરી લઈને તપાસ શરૂ કરી દીધી છે.

# અમેરિકામાં ઉડાન ભરતાની સાથે વિમાનમાં આગ લાગતા આઠ લોકોના મોત

## ખાનગી વિમાન આકાશમાં સળગી ગયા બાદ નીચે પટકાયું : તમામ મુસાફરોના મોતની આશંકા



વોશિંગ્ટન,

અમેરિકાના મેન રાજયમાં રવિવારે સાંજે એક મોટી વિમાન દુર્ઘટના સામે આવી છે. બેંગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરતી વખતે એક પ્રાઈવેટ જેટ આગની જ્વાળાઓમાં ઘેરાઈને ક્રેશ થઈ ગયું હતું. સ્થાનિક સમય મુજબ સાંજે ૭:૪૫ કલાકે બનેલી આ ઘટનામાં વિમાનમાં આઠ લોકો સવાર હતા. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન એ આ અકસ્માતની પુષ્ટિ કરી છે.

દુર્ઘટનાગ્રસ્ત વિમાન ટ્વિન-એન્જિન ટર્બો-ફેન જેટ 'બોમ્બાર્ડિયર ચેલેન્જર ૬૦૦' હતું. ટેકઓફના થોડા સમય બાદ જ વિમાનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્રેશ બાદ ઘટનાસ્થળે આગની લપેટો એટલી તીવ્ર હતી કે દૂરથી પણ જોઈ શકાતી હતી. જોકે, હજુ સુધી વિમાનમાં સવાર મુસાફરો કે ક્રૂ મેમ્બર્સની સ્થિતિ અંગે કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી. જોકે તમામ લોકો મૃત્યુ પામ્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અકસ્માત સમયે એરપોર્ટ પર હળવી બરફવર્ષા શરૂ થઈ ગઈ હતી. સમગ્ર મેન રાજય, જેમાં બેંગર શહેરનો પણ સમાવેશ થાય છે, તે સમયે 'વિન્ટર સ્ટોર્મ વૉર્નિંગ' (શિયાળુ તોફાનની ચેતવણી) હેઠળ હતું. જોકે, સત્તાવાળાઓએ હાલમાં આ દુર્ઘટના માટે હવામાન જવાબદાર છે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. બેંગર એ મેન રાજ્યનું ત્રીજું સૌથી મોટું શહેર છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રાઈવેટ જેટ ટેક્સાસથી મેન પહોંચ્યું હતું. વિમાનના રજિસ્ટ્રેશન રેકોર્ડ મુજબ, આ જેટ હ્યુસ્ટનમાં આવેલી 'અર્નોલ્ડ એન્ડ ઈટકિન' નામની પર્સનલ ઈન્જરી લો ફર્મના નામે નોંધાયેલું છે.

# છત્તીસગઢમાં નકસલીઓ વિરોધી કાર્યવાહીમાં વિસ્ફોટથી ૧૧ જવાનોને ઈજા

## પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મીની બટાલિયનને શોધવા માટે સુરક્ષા એજન્સી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું

બીજાપુર

છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં ભારતીય સેનાના નક્સલ વિરોધી ઓપરેશન દરમિયાન છ જેટલા આઈઈડી વિસ્ફોટમાં ૧૧ જવાન ઘાયલ થયા હતા. આ જવાનોને હેલિકોપ્ટર મારફતે તાત્કાલિક રાયપુર લઈ જવાયા હતા.

ઘટના છત્તીસગઢ-તેલંગાણા સરહદ નજીક આવેલા કરેગુટ્ટા પહાડી વિસ્તારમાં બની હતી. સુરક્ષા દળોને ગુપ્ત માહિતી મળી હતી કે પ્રતિબંધિત સીપીઆઈ માઓવાદીની સશસ્ત્ર પાંખ, પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મીની બટાલિયન આ પહાડોમાં છુપાયેલી છે. આ વિસ્તારમાં ૧૦૦ થી વધુ સશસ્ત્ર નક્સલવાદીઓની હાજરી હોવાની શક્યતાને પગલે ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ તેમજ સીઆરપીએફના ભદ્ર કોબ્રા યુનિટ દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. હુમલામાં ઘાયલ ૧૧ જવાનોમાં ૧૦ ડીઆરજી છે, જયારે એક જવાન કોબ્રા બટાલિયનના સબ-ઈન્સ્પેક્ટર છે. આ પૈકી ત્રણ જવાનોને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી છે, જયારે અન્ય ત્રણ જવાનોની આંખોમાં વિસ્ફોટના સ્પ્લિન્ટર્સ વાગ્યા છે.

# બદ્રીનાથ અને કેદારનાથ જેવા ધામ પ્રવાસ માટેના સ્થળ નહીં પણ સનાતન ધર્મના સર્વોચ્ચ આધ્યાત્મિક કેન્દ્ર

## ચારધામ યાત્રાના ૪૮ જેટલા તીર્થસ્થાનોમાં બિનહિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા તૈયારી



નવી દિલ્હી,

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિએ ચારધામ અને તેની સાથે જોડાયેલા પ્રમુખ તીર્થસ્થાનોમાં બિન હિન્દુ પ્રવેશ પર પ્રતિબંધ લગાવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ સ્પષ્ટ કહ્યું છે કે, બદ્રીનાથ અને કેદારનાથ જેવા ધામ કોઈ પ્રવાસ માટેના સ્થળ નથી પણ સનાતન ધર્મના સર્વોચ્ચ આધ્યાત્મિક કેન્દ્ર છે. જયાં પ્રવેશને નાગરિક અધિકાર નહીં પણ ધાર્મિક પરંપરાના આધારે જોવા જોઈએ.

હેમંત દ્વિવેદીએ એ પણ જણાવ્યું કે તમામ પ્રમુખ ધાર્મિક ગુરુઓ અને સંત સમાજનું પણ માનવું છે કે આ પવિત્ર તીર્થસ્થાનો પર બિન હિન્દુનો પ્રવેશ હોવો જોઈએ નહીં, અમે સનાતન પરંપરાઓનું સન્માન કરતાં આ નિર્ણય લઈએ છીએ, ચારધામ યાત્રા આસ્થા અને સાધનાનું કેન્દ્ર છે તે પ્રવાસ માટેનું સ્થળ નથી.

સમિતિના અધ્યક્ષના આ પ્રસ્તાવ પર ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીનું પણ નિવેદન સામે આવ્યું છે, મુખ્યમંત્રી ધામીએ કહ્યું કે દેવભૂમિ ઉત્તરાખંડમાં જેટલા પણ તીર્થ સ્થાનો છે તેનું સંચાલન કરનારી સંસ્થાઓ અને સંગઠન જે પણ મત બનાવશે સરકાર તે અનુરૂપ કાર્યવાહી કરશે. આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે સ્થાનિક સરકારે પણ પ્રમુખ તીર્થસ્થાનોમાં બિન હિન્દુ પ્રવેશ પર પ્રતિબંધનો મૂડ બનાવી લીધો છે.

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના પ્રસ્તાવિત લિસ્ટમાં કુલ ૪૮ મંદિરોનો સમાવેશ થયા છે, જ્યાં બિન હિન્દુ પ્રવેશ પર પ્રતિબંધ લગાવવાની વાત છે. તેમાં કેદારનાથ ધામ, બદ્રીનાથ ધામ, તુંગનાથ, મદમહેશ્વર સહિત અનેક કુંડ અને સમાધિ સ્થળો પણ સામેલ છે.

# ભારતને વિશ્વગુરુ બનાવવા દરેક નાગરિકે બંધારણમાં નિર્ધારિત મૌલિક કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું અનિવાર્ય : સંઘ પ્રમુખ

## મુઝફ્ફર ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમિયાન સંઘવાડા મોહન ભાગવતે બંધારણ અને મૌલિક કર્તવ્યનું પાલન કરવા પર ભાર મૂક્યો

નવી દિલ્હી,

ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસના અવસરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે બિહારના મુઝફ્ફરપુરમાં ધ્વજવંદન કરી રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું. તેમણે દેશના દરેક નાગરિકને ભારતના બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીઓ સમજવા હાકલ કરી હતી. આ કાર્યક્રમ દ્વારા તેમણે એક મજબૂત અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટેનો માર્ગ પ્રશસ્ત કર્યો હતો.

મુઝફ્ફરપુર સ્થિતના કાર્યાલય ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મોહન ભાગવતે જણાવ્યું હતું કે, ભારતને વિશ્વનું અગ્રણી ગણરાજ્ય બનાવવા માટે દરેક નાગરિકે બંધારણમાં નિર્ધારિત મૌલિક કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું અનિવાર્ય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે બંધારણ માત્ર નાગરિકોને મળેલા અધિકારોની યાદી નથી, પરંતુ તે આપણને ધર્મ, નૈતિકતા અને સાચા માર્ગ પર ચાલવા માટેનું માર્ગદર્શન પૂરું પાડતું એક પવિત્ર પુસ્તક છે.

પોતાના સંબોધનમાં ભાગવતે ભારપૂર્વક જણાવ્યું કે, નાગરિકોએ બંધારણનો ગહન અભ્યાસ કરવો જોઈએ. જ્યારે લોકો પોતાના અધિકારોની સાથે પોતાની જવાબદારીઓ પ્રત્યે પણ સજાગ રહેશે, ત્યારે જ લોકશાહી સાચા અર્થમાં મજબૂત બનશે. તેમણે ઉમેર્યું કે કોઈ પણ ગણરાજ્યની સ્થિરતા તેના નિયમો અને કાયદા પ્રત્યેના સન્માન પર ટકી હોય છે. જો નાગરિકો શિસ્ત અને નિયમોનું ઉલ્લંઘન કરે, તો રાષ્ટ્રની પ્રગતિમાં અવરોધ ઊભો થાય છે.

આપણા પ્રાચીન નિયમો માત્ર વ્યવહારિક જ નથી, પરંતુ તે સમાજના તમામ વર્ગોને એકસાથે જોડી રાખવાનો આધાર છે. ભારતીય સંસ્કૃતિ હંમેશા માનવતા અને સામાજિક સંતુલનને પ્રાધાન્ય આપે છે. આ પરંપરાઓ અને આધુનિક બંધારણના સમન્વયથી જ એક એવા સમાજનું નિર્માણ થઈ શકે છે જ્યાં દરેક વ્યક્તિ સમાનતા અને ગૌરવ સાથે જીવી શકે.

# રાજકોટમાં આગની બે ઘટનામાં ૨૫થી વધુ પરિવારને છત અને રોજીરોટી ગુમાવવાનો વખત આવ્યો






## થોરાળામાં ૧૫ ઝૂંપડા સામાન સહિત બળીને ખાખ, એસ્ટ્રોન ચોક નજીક ૧૦થી વધુ ફૂટની લારીઓ આગની ઝપેટમાં આવી, અસામાજિક તત્વોએ આગ લગાવ્યાની ચર્ચા, ઘટનાની જાણ થતાં પરેડમાંથી ફાયરની ટીમ સ્થળે દોડી ગઈ

રાજકોટ:રાજકોટમાં આગની બે ઘટનામાં ૨૫થી વધુ પરિવારને છત અને રોજીરોટી ગુમાવવાનો વખત આવ્યો હતો. શહેરના હાર્દ સમાન એસ્ટ્રોન ચોક વિસ્તારમાં વિકાસ મેડિકલ સ્ટોરની સામેના ભાગમાં આવેલી ફૂટની લારીઓમાં એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આસપાસ રહેલી ૧૦થી વધુ લારીઓ તેની ઝપેટમાં આવી ગઈ હતી. આ દુર્ઘટનામાં તમામ લારીઓ અને ફૂટનો જથ્થો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. લારીઓને આવારા તત્વોએ ફૂંકી માર્યાની હાલમાં ચર્ચા હતી.સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં પોલીસની પ્રાથમિક તપાસમાં સીસીટીવીમાં કોઈ વ્યક્તિએ આગ લગાડ્યાનું સામે આવ્યુ નહીં. રેકડીમાં કોઈ સ્પાર્ક થઈ રહ્યો છે અને બાદમાં ધીમે ધીમે આગે વિકરાળ રૂપ ધારણ કર્યું હોવાનું સીસીટીવીમા સામે આવ્યું છે. માલવિયાનગર પોલીસે ફ્લજીન્ની મદદથી આગળની તપાસ શરૂ કરી છે, જેમાં સત્ય હકીકત ફ્લજીન રિપોર્ટ બાદ સામે આવશે.

તો વહેલી સવારે થોરાળા પોલીસ સ્ટેશનની બિલકુલ પાછળના ભાગમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં આગ લાગી હતી. આ આગ પવનના કારણે આગળ વધતા ૧૫ ઝૂંપડા ઘરવખરી સાથે બળીને ખાખ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા વિસ્તારના ધારાસભ્ય ઉદય કાનગડ પીડિત પરિવારોની વ્હારે આવી પહોંચ્યા હતાં. ધારાસભ્યએ સ્થળે જઈને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની રજૂઆત સાંભળી હતી અને ૧૫ પરિવારને પાંચ-પાંચ હજાર રૂપિયાની રોકડ સહાય આપી હતી.પ્રાપ્ત વિગત મુજબ, ૨૬ જાન્યુઆરીની વહેલી સવારે થોરાળા પોલીસ સ્ટેશન પાછળ આવેલી ઝૂંપડપટ્ટીમાં અચાનક આગ લાગતા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. પવનને કારણે આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આસપાસના ઝૂંપડાઓને પોતાની લપેટમાં લેવાનું શરૂ કર્યું હતું. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ હરકતમાં આવી ગઈ હતી અને ૫ ફાયર ફાઈટર સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. જોકે, આગ બુઝાવવાની કામગીરી દરમિયાન ફાયર વિભાગને સ્થાનિકોના ભારે રોષનો સામનો કરવો પડ્યો હતો. ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ દ્વારા અચાનક હોબાળો શરૂ કરી દેવામાં આવતા ફાયર ફાઈટરો માટે કામગીરી કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ હતી. આગમાં ૧૫ ઝૂંપડા બળીને ખાખ થઈ ગયાં હતાં.

પરિસ્થિતિ તંગ હોવા છતાં, ફાયર વિભાગના કર્મચારીઓએ અદભૂત સમયસૂચકતા અને ધીરજ દાખવી હતી. ઉશ્કેરાયેલા ટોળા વચ્ચે કર્મચારીઓએ પોતાની ફરજ બજાવી આગ પર મહદઅંશે કાબૂ મેળવી લીધો હતો. જો ફાયર વિભાગે ત્વરિત કામગીરી ન કરી હોત તો આ આગ હજુ પણ વધુ રહેણાંક વિસ્તારમાં ફેલાઈ શકે તેમ હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ કારણસર આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ આ દુર્ઘટનામાં અનેક ગરીબ પરિવારોએ પોતાનો આશરો ગુમાવ્યો હોવાથી વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ અંગે ફાયર વિભાગના અધિકારી પરેશ ચુડાસમાએ દિવ્ય ભાસ્કર સાથે કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે, આજે ૨૬ જાન્યુઆરી હોવાથી સવારે અમારી ટીમ પરેડમાં હતી. ત્યારે ૮:૧૧ વાગ્યે થોરાળા પોલીસ સ્ટેશન પાછળ આવેલ ઝૂપડપટ્ટીમાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું, જેને લઈને એક બાદ એક ૫ ફાયર ફાઈટરો સહિતની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. ઝૂપડા બળતા હોવાથી સ્થાનિકો દ્વારા ભારે હોબાળો કરવામાં આવ્યો હતો. આમ છતાં તેમના આ વિરોધ વચ્ચે અમારી ટીમોએ પાણીનો મારો ચલાવી કામગીરી કરી હતી. હાલ ગણતરીના સમયમાં આગ ઉપર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને પતરા હટાવવા માટેની કામગીરી ચાલી રહી છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

લોકોનો ઘરવખરી સહિતનું બળીને ખાખ.ભોગ બનનારા ૧૫ લોકોના નામ:ગડીબેન અમરભાઈ સારોલીયા,કરીબેન જયંતીભાઈ શિહોરીયા,સાગરભાઈ કડવાભાઈ વાહનેકિયા,સુનિલભાઈ દિનેશભાઈ વાઘરોલિયા,રવિભાઈ રાજુભાઈ ઉઘરેજીયા,જગદીશભાઈ ગોવિંદભાઈ બાલાસરીયા, અશોક ભાઈ શીશાભાઈ વાઘરોલીયા, હરેશભાઈ ટીલીભાઈ વાહનેકિયા, સુનિલભાઈ ગોવિંદભાઈ ગુલાબ,લાલજીભાઈ ભીખાભાઈ વાદરોલીયા,રાજભાઈ જેન્તીભાઈ ઉઘરેજીયા,મગીબેન કડવાભાઈ વાહનેકિયા, ભાવનાબેન નરેશભાઈ બરાડીયા,આનંદભાઈ રમેશભાઈ સારોલીયા,વીર બંસીભાઈ સારોલીયા,

એસ્ટ્રોન ચોક પાસે રાત્રિના સમયે જ્યારે લારી ધારકો પોતાના ધંધા-રોજગાર બંધ કરીને ઘરે ગયા હતા, ત્યારે અચાનક લારીઓમાં આગ લાગી હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે સ્થાનિક લોકો કશું સમજે તે પહેલા અગનજવાળાઓ આકાશમાં દેખાવા લાગી હતી. આ ઘટનાની જાણ થતાં જ સવારે વેપારીઓ અને લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. પોતાની આજીવિકાનું સાધન બળીને રાખ થઈ ગયેલું જોઈને વેપારીઓમાં ભારે દુ:ખ અને આક્રોશની લાગણી જોવા મળી હતી.અહીં વેપાર કરતા ભરતભાઈએ જણાવ્યું હતું કે, તેઓ અહીં છેલ્લા ૩૫ વર્ષથી ધંધો કરે છે અને દરેક રેકડી દીઠ રૂ. ૧૦૦૦થી ૨૦૦૦ જેટલું ભાડું ચૂકવે છે. તેમને ઘટનાની જાણ સવારે ૪:૩૦ વાગ્યે થઈ હતી. તો અન્ય વેપારી રાજેશભાઈએ કહ્યુ કે, વહેલી સવારે ૪:૩૦થી ૫ વાગ્યાના ગાળામાં આગ લાગી હતી. આ વિસ્તાર રાજકોટ મહાનગરપાલિકા)-દ્વારા નિર્ધારિત હોકિંગ ઝોન છે, જ્યાં તેઓ છેલ્લા ૨૦ વર્ષથી વેપાર કરે છે અને ઝોન પેટે ભાડું પણ ભરે છે.સ્થાનિકોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, આ વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ વધી રહ્યો છે અને કોઈ અદાવત અથવા તો હેરાન કરવાના ઈરાદે જ લારીઓમાં આગ લગાડવામાં આવી હોઈ શકે છે. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પંચનામું કરવાની કાર્યવાહી હાથ ધરી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે. આગ શોર્ટ સર્કિટથી લાગી છે કે પછી કોઈએ પેટ્રોલ છાંટીને લગાડી છે, તે દિશામાં એફએસએલની મદદ પણ લેવામાં આવી શકે છે.

# ૨.૫૦ લાખ વાહન ચાલકોને હજુ પણ વેઠવી પડશે હાલાકી

## રાજકોટ-જેતપુર સિક્સલેનની કામગીરી જાન્યુઆરી ૨૦૨૭માં પૂર્ણ કરવાનો દાવો:સિકસેલન હાઈવે પ્રોજેક્ટમાં વિલંબ માટે રાજકોટ મહાનગર પાલિકાની ભાદર યોજનાની પાણીની પાઈપલાઈન જવાબદાર હોવાનું સામે આવ્યું





રાજકોટ:રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવે રાહદારીઓ માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ રહ્યો છે, કારણ કે આ હાઈવેનું કામ કાચબાથી પણ ધીમી ગતિએ ચાલતું હોય તેવું લાગી રહ્યું છે. આ માટે કોન્ટ્રાક્ટરને અનેક નોટિસ અને પેનલ્ટી આપવા છતાં પણ આજે ગોકળગતિએ કામ થઈ રહ્યું છે.

૧,૨૦૪ કરોડના ખર્ચે ૬૭ કિલોમીટરના આ હાઈવેનું કામ ઓગસ્ટ ૨૦૨૨થી શરૂ થયું જે જૂન ૨૦૨૪ સુધી પૂર્ણ કરવાનું હતું. જો કે આ પછી એક નવી તારીખ આપી સપ્ટેમ્બર ૨૦૨૫માં પૂર્ણ થશેનો દાવો કરવામાં આવ્યો હતો જે પણ પૂર્ણ ન થતા આજે હવે જાન્યુઆરી ૨૦૨૭ સુધી આ કામ પૂર્ણ કરવા દાવો કરાઈ રહ્યો છે, પરંતુ આ પણ કદાચ થશે કે કેમ તે સૌથી મોટો સવાલ છે.

૩ વર્ષના અંતે આ પ્રોજેક્ટનું કામ માત્ર ૫૨% જ પૂર્ણ થયું છે જ્યારે બાકીનું ૪૮% કામ એક વર્ષમાં પૂર્ણ થઇ શકે તેવી કોઈ શક્યતા જોવામાં આવી રહી નથી. જો કે આ દાવા પછી એક વાત તો સ્પષ્ટ થઇ છે કે આ હાઈવે પરથી દરરોજ પસાર થતા ૨.૫૦ લાખ વાહનચાલકોને હજુ પણ આ જ રીતે હાલાકીનો સામનો જરૂર કરવો પડશે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવેના નવા પ્રોજેક્ટ ડાયરેક્ટર અબ્દુલા ખાને દિવ્ય ભાસ્કર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, આ સિક્સલેનનું કામ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૫૨% પૂર્ણ થયું છે. જેમાં ૮ બ્રિજનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે જયારે ૫ બ્રિજ ફેબ્રુઆરી મહિનામાં ખુલ્લા મુકવામાં આવશે અને ૨૪ બ્રિજનું કામ હજુ પણ ચાલુ છે.

સંપૂર્ણ ૬૭ કિલોમીટરનો રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવે આગામી એક વર્ષ એટલે કે જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થઈ જશે. આ ઉપરાંત તાજેતરમાં જ પીપળીયાના ૨ અને પીઠડીયાનો એક બ્રિજ ખુલ્લો મુકવામાં આવેલો છે. આગામી સમયમાં જે બ્રિજ ખુલ્લા મુકાશે તેમાં ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભોજપરાના ૨ અને બિલયાળાનો ૧ બ્રિજ ખુલ્લો મુકવામાં આવશે. આ પછી ફેબ્રુઆરી ૨૦૨૬માં ગોંડલ બાયપાસના ૪ તેમજ ભરુડીનો ૧ બ્રિજ વાહન ચાલકોની અવરજવર માટે ખુલ્લો મૂકવામાં આવશે.

સિકસેલન હાઈવે પ્રોજેક્ટમાં વિલંબ માટે રાજકોટ મહાનગર પાલિકાની ભાદર યોજનાની પાણીની પાઈપલાઈન જવાબદાર હોવાનું સામે આવ્યું છે. રાજકોટ મહાનગર પાલિકાની ઢીલી નીતિને કારણે ભાદર યોજનાની પાણીની લાઈન શિફ્ટિંગ ન થતા નેશનલ હાઈવેના સર્વિસ રોડ નીચે આ લાઈનો આવી ગઈ છે. મુખ્યમંત્રી દ્વારા પણ સરકારી વિભાગો સંકલનમાં કામ કરી નવા પ્રોજેક્ટ સમયસર અને સરળતાથી પૂર્ણ કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી છે ત્યારે હવે આ કામગીરી સંકલનથી ઝડપભેર પૂર્ણ થાય તેવી આશા લોકો સેવી રહ્યા છે.હાલમાં આજી અને ખોખડદળના ૪ કિલોમીટરના બ્રિજનું કામ અટકેલું છે અને તેનું કારણ એ છે કે એક તરફ રાજકોટ મહાનગરપાલિકા અને બીજી તરફ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની પાઈપલાઈન આવેલી છે. જે પાઈપલાઈનનું શિફ્ટિંગ ન થાય ત્યાં સુધી સિક્સલેન ન બની શકે. કોર્પોરેશન દ્વારા તેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે, પરંતુ તેનું કામ પૂર્ણ થતા એક વર્ષ જેટલો સમય લાગે તેમ છે.

# રાજકોટમાં બદકામના ઈરાદે ૮ વર્ષની બાળકીનું અપહરણ

## આરોપી પોતાનો ઈરાદો પાર પાડે તે પહેલા જ પોલીસ પહોંચી, બાળકીને મુક્ત કરાવી પરિવારને સોંપી



રાજકોટ:રાજકોટના રૈયાધાર વિસ્તારમાંથી આજે બપોરે શ્રમિક દંપતીની ૮ વર્ષની બાળકીનું ભરત મગન મકવાણા (ઉ.વ.૪૫) અપહરણ કરી જતાં પોલીસમાં દોડધામ મચી જવા પામી હતી અને ગણતરીના કલાકોમાં પોલીસે કોઠારીયા સોલવન્ટ નજીકના વિસ્તારમાંથી ભરતને ઝડપી પાડી અપહૃત બાળકીને હેમખેમ મુક્ત કરાવી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી ભરતની પત્ની બે દીકરીઓ સાથે ઘણાં સમયથી રિસામણે છે જેના કારણે તે એકલો રહેતો હતો અને બદકામ કરવા ઈરાદે જ તેણે અપહરણ કર્યાનું સામે આવ્યું છે હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.રાજકોટ શહેર એસીપી ભાવેશ જાધવએ જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાત તરફનું દંપતી છેલ્લા ઘણાં સમયથી રાજકોટમાં રહી મજુરી કામ કરે છે જેને સંતાનમાં બે દીકરી છે. જેમાંથી ૮ વર્ષની નાની દીકરીને લઈ ગઈકાલે સવારે કડિયા કામની મજુરી માટે રૈયાધાર પરની સાઈટે પહોંચ્યા હતા. બપોરે દીકરી સાથે જમ્યા હતા ત્યારબાદ કામે વળગી ગયા હતા. તેમની દીકરી મકાનની અંદર રમતી હતી દરમિયાન આરોપી ભરત ત્યાં આવ્યો હતો જેના કારણે ત્યાં કડીયા કામ કરનારે તેને જતા રહેવાનું કહ્યું હતું જેથી ભરત ત્યાંથી બાળકીને ઉપાડી બહાર પહોંચ્યો હતો. બહારથી એક રિક્ષામાં બાળકીને લઈ રવાના થઈ ગયો હતો.થોડીવાર પછી માતા-પિતાએ પુત્રીને ગાયબ જોઈ હતી તે વખતે સાઈટ પરના અમુક લોકો પાસેથી ભરત તેમની દીકરીને લઈ ગયાની માહિતી મળતા પોલીસને જાણ કરી હતી જે બાદ પોલીસને જાણ કરતા યુનિવર્સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એન.પટેલે અલગ અલગ ટીમ બનાવી આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન આરોપી ભરતનો મોબાઈલ ચાલુ હોવાથી લોકેશનના આધારે તાત્કાલિક પોલીસે તેને કોઠારીયા સોલવન્ટ પાસેના રસુલપરા વિસ્તાર પાસેથી ઝડપી પાડયો હતો અને બાળકીને મુક્ત કરાવી પરિવારને સોંપી હતી.ઉલ્લેખનીય છે કે આરોપી બાળકી સાથે કોઈ દુષ્કૃત્ય કરે તે પહેલા જ ઝડપી પાડ્યો હતો જો કે પોલીસ તપાસમાં આરોપીએ બાળકી સાથે અડપલાં કર્યા હોવાનું સામે આવતા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલમાં મોટામાથાને સાચવવા જૂનો પ્લાન રદ કરી નવો બનાવાયો હોવાનો આક્ષેપ

ગોંડલ:ગોંડલનાં ગુંદાળા રોડ પર બની રહેલા સુચિત ૧૫૦ ફુટ રિંગરોડ માટે જૂનો પ્લાન રદ કરી નવો પ્લાન અમલી કરાયો હોય જેના કારણે ખેડૂતોની કિંમતી જમીન સંપુર્ણ કપાત થતી હોય અસરકર્તા ખેડૂતો રોષિત બન્યા છે.ત્યારે સહકારી અગ્રણી જગદીશભાઈ સાટોડીયાએ ભાજપનાં એક ટોચનાં આગેવાનને આર્થિક ફાયદો કરાવવાં પ્લાન ફેરવાયાનો આક્ષેપ કરી આ મુદે પુર્વ સાંસદ,જેતપુરનાં ધારાસભ્ય સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાશે તેવું જણાવ્યું હતું.વિઠ્ઠલભાઈ રાદડિયા જૂથ સેવા સહકારી મંડળીનાં પ્રમુખ જગદીશભાઈ સાટોડીયાએ રાજ્યનાં મુખ્યમંત્રી, કૃષિમંત્રી,સાંસદ ડો.માંડવીયા, ધારાસભ્ય જયેશ રાદડીયા,ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ રમેશભાઈ ધડુક, ખેડૂતોએ જે રજૂઆત કરી છે તે બધાજ ખેડુતો અમારી સહકારી મંડળી માથી ધિરાણ (લોન) લ્યે છે. આ ખેડુતો ૩ થી ૫ વિઘાના ખાતેદારો છે, એ લોકોએ રજૂઆત કરી કે અમારા ખેતીની જમીન માથી ૧૫૦ ફુટનો રિંગરોડ કાઢવામા આવેતો અમારી સંપુર્ણ જમીન રોડ કપાતમા જાય છે આ ૧૫૦ ફુટનો રોડ ખેડૂતોના કહેવા મુજબ પહેલા પ્લાન બનાવાયો ત્યારે ગુંદાળા રોડ પર આવેલા જિલ્લા સંઘની પાછળથી નીકળતો હતો. જે પ્લાનમાં ફેરફાર કરીને પાલિકા તથા સહકારી સંસ્થામાં ઉચ્ચ હોદો ભોગવી ચુકેલા રાજકીય આગેવાનની ખેતીની જમીન તે વિસ્તારમા આવતી હોય એટલે આ જમીનની કિમંતમા વધારો કરવા જે જૂના પ્લાન મુજબ ૮૦ ફુટનો રસ્તો હતો તે ૧૫૦ ફુટનો કરવા નવો પ્લાન કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરાયો છે.

# ઉચાપત:મેગા માર્ટમાં સ્ટોર મેનેજર, યુવકે મળી રૂપિયા ૮.૨૯ લાખના કપડાંના સ્ટોકની ઉચાપત કરી

રાજકોટ:રાજકોટ બ્રાંચના માધાપર ચોકડી ખાતે આવેલ મેગા માર્ટ શોપના સ્ટોરમાંથી સ્ટોકમાં રાખેલો માલ જેની કિંમત રૂ.૮.૨૯ લાખ હોય તે માલને સ્ટોર મેનેજર અને તેની નીચે કામ કરતા યુવકે નોકરી દરમિયાન વિશ્વાસઘાત કરી ઉચાપત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.આ બનાવમાં અમદાવાદના દાણીલીમડાની છીપા સોસાયટીમાં રહેતા મોહમ્મદ યાસીન મોહમ્મદ સરિફ રંગવાલા(ઉ.વ.૩૨) દ્વારા યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પંકજ ચોરવાડ અને પ્રથમ બખ્તરિયાનું નામ આપ્યું હતું.મોહમ્મદભાઈએ ફરિયાદમાં જણાવ્યું છેકે, પોતે અમદાવાદ, રાજકોટ અને સુરત શહેરમાં એમ.એન.ટી. રિટેલ ક્લસ્ટર મેનેજર તરીકે નોકરી કરે છે.

ગત તા.૧૭/૦૯/૨૦૨૫ના રોજ રાજકોટ બ્રાંચના માધાપર ચોકડી ખાતે આવેલ મેગા માર્ટ શોપના સ્ટોર મેનેજર પંકજનો તેના ફોનમાં કોલ આવેલો કે, તમારી અન્ડરમાં આવતા રાજકોટ ખાતેના મેગા માર્ટ કંપની દ્વારા ત્રિમાસિક ઓડિટ કરાવેલ હોય અને આ ઓડિટ એપ્રિલ માસથી હાલ સુધી એટલે કે ૧૭/૦૯/૨૦૨૫ સુધી હોય જેમાં ઓડિટ બાદ કંપનીના માણસોએ એપ્રિલ માસથી આજદિન સુધીમાં આવેલ યુ.એસ.પોલો, એરો તથા ફ્લાઈન્ગ મશીનના પીસની ગણતરી કરતા તેમાં કુલ ૮૨૯ પીસ સ્ટોકમાં ઓછા બતાવે છે.જેનું ફરી વાર ઓડિટ કરવામાં આવતા ૮૨૯ પીસ ઓછા જણાઈ આવતા સ્ટોર મેનેજર અને તેની નીચે કામ કરતા યુવક વિરુદ્ધ નોકરી દરમિયાન વિશ્વાસઘાત કરી માલ ઉચાપત કરવા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# રાજકોટ મનપાએ સોલાર રૂફટોપ લગાવી ૯ માસમાં રૂ.૨.૮૭ કરોડની બચત કરી

રાજકોટ:રાજકોટ મહાનગરપાલિકાએ વિવિધ વિસ્તારોમાં આવેલા રેસકોર્સ, કોમર્સિયલ બિલ્ડિંગો, પાર્ટી પ્લોટ, ઓડિટોરિયમ, કોમ્યુનિટી હોલ સહિત કુલ ૨૦૨ બિલ્ડિંગોમાં સોલાર રૂફટોપ પાવર પ્લાન્ટ લગાવ્યા છે, જેના કારણે ચાલુ નાણાકીય વર્ષના સાડા નવ માસમાં મનપાને રૂ.૨.૮૭ કરોડની બચત થઈ છે.રાજકોટ મહાનગરપાલિકાના રોશની વિભાગ દ્વારા કુલ ૨૪૮૯.૨૬ દ્વઉ ક્ષમતાના સોલાર રૂફટોપ પાવર પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ પ્લાન્ટ દ્વારા પર્યાવરણ સુરક્ષા સાથે સાથે મનપાની આર્થિક સ્થિતિને પણ મોટો લાભ થયો છે. સોલાર ઊર્જાના ઉપયોગથી પરંપરાગત વીજળી પરની નિર્ભરતા ઘટી છે અને વીજબિલમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.મનપાના સૂત્રોના જણાવ્યા મુજબ સોલાર રૂફટોપ પાવર પ્લાન્ટથી દર મહિને અંદાજિત ૨,૯૮,૭૧૧ યુનિટ વીજ ઉત્પાદન થાય છે, જ્યારે વાર્ષિક ઉત્પાદન આશરે ૨૫,૮૪,૫૩૪ યુનિટ સુધી પહોંચે છે. આથી મહાનગરપાલિકાને દર મહિને સરેરાશ રૂ.૨૩.૯૦ લાખની અને વાર્ષિક રૂ.૨.૮૭ કરોડની બચત થાય છે.

# જૂની અદાવતનો ખાર રાખી મહિલાને જાનથી મારી નાખવાની ધમકી

રાજકોટ:રાજકોના નવા થોરાળા ન્યૂ સર્વોદય સોસાયટીમાં રહેતા નયનાબેન પ્રવીણભાઈ પરમારએ પાડોશી વિશાલ જયેશભાઈ વાઘેલા સામે થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તા.૧૦ જાન્યુઆરીના રોજ તેઓ ઘરે એકલા હતા ત્યારે પાડોશમાં રહેતો વિશાલ તેમના ઘરે આવ્યો હતો.વિશાલે વર્ષ ૨૦૧૩માં ફરિયાદીના સંબંધી દ્વારા કરવામાં આવેલી જૂની પોલીસ ફરિયાદનો ખાર રાખી નયનાબેન સાથે ઝઘડો શરૂ કર્યો હતો.વિશાલે ઉશ્કેરાઈ મહિલાને બેફામ ગાળો ભાંડી હતી. જ્યારે મહિલાએ ઘરનો દરવાજો બંધ કરી દીધો ત્યારે આરોપીએ દરવાજા પર પાટા મારી 'સાંજે પાછો આવીશ અને તારા પરિવારના સભ્યોને પતાવી દઈશ' તેવી ધમકી આપી હતી. પોલીસે આ મામલે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જેતપુરના અમરાપરમાં સાવજનું નાઈટ પેટ્રોલિંગ, બે ગાય ત્રણ વાછરડીના મારણ

જેતપુર:જેતપુરના અમરાપર ગામે બે સિંહ ગામમાં આવી પહોંચ્યા હતા, માલધારીઓની બે ગાય, ત્રણ વાછરડાનું મારણ કર્યું હતું. ગામ લોકોની માંગને પગલે ફોરેસ્ટ વિભાગ દ્વારા સિંહોનું લોકેશન શોધી તેને જંગલમાં ખસેડવાની કામગીરી કરાઈ રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.ગત વર્ષે સિંહની જે વસ્તી ગણતરી થઈ તેમાં જેતપુર પંથકમાં પણ પાંચ સિંહ રહેતા હોવાનું સામે આવ્યું હતું. આ સિંહ બાવાપીપળીયા, ડેડરવા, આરબ ટીબડી, ખારચિયા, ભેડા પીપળીયા, રેશમડી ગાલોર તેમજ અમરાપર વગેરે ગામોના સિમ વિસ્તારને પોતાનું રહેઠાણ બનાવ્યું છે, તે શિકારની શોધમાં આ વિસ્તારોમાં આંટા ફેરા મારી રહ્યા છે. જેમાં ગામમાં ચડી આવી રખડતા, પાલતુ પશુઓના શિકાર કરવાના બનાવો બન્યા જ રાખે છે.ગત રાતે તાલુકાના અમરાપર ગામે બે સિંહ ચડી આવ્યા હતા, આ બે સિંહએ માલધારીઓની બે ગાય, ત્રણ વાછરડાનું પાદરમાં જ મારણ કરતા ગામમાં ભયનો માહોલ ફેલાય ગયો છે. કેમકે, સિંહ મારણ કરીને તો નીકળી ગયા છે ,પરંતુ સિંહનો નિયમ છે કે તે મારણ કરેલ શિકારને ખાવા માટે પરત આવતા હોય છે.

# રાજકોટમાં સ્વાતંત્ર્ય સેનાના પરિવારજનોનું અપમાન

રાજકોટ:રાજકોટનાં ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં પ્રાંત અધિકારી ચાંદની પરમારની આગેવાનીમાં શહેર કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના પરિવારજનોને સન્માન કરવા માટે બોલાવવામાં આવ્યા હતા. જ્યાં બેઠક મામલે સ્વાતંત્ર્ય સેનાના પરિવારજનોનું અપમાન થયું હોવાનું સામે આવ્યું છે. દિવ્યભાસ્કર સાથેની ટેલીફોનિક વાતચીતમાં સ્વાતંત્ર્ય સેનાના પરિજન અને મામલતદારે પણ આ બનાવની પુષ્ટિ કરી હતી. અને બેઠક વ્યવસ્થા મામલે થોડી બોલાચાલી બાદ સમાધાન થયું હોવાનું જણાવ્યું હતું.રાજકોટ પશ્ચિમનાં મામલતદાર અજીત જોશીએ દિવ્યભાસ્કર ડિજિટલને જણાવ્યું હતું કે, ૧૦ જેટલા સ્વાતંત્ર્ય સેનાનીઓ હતા અને તેમની સાથે ૨૫થી ૩૦ પરિવારજનો આવ્યા હતા. જેથી તમામને કહેવામાં આવ્યું હતું કે છે સ્વતંત્ર સેનાનીઓ છે તે પ્રથમ હરોળમાં બેસે અને બાકીના પરિવારજનો પાછળની ખુરશીઓમાં બેસે. જોકે તે વખતે આગળની હરોળની અમુક ખુરશી ખાલી હતી જેથી સ્વતંત્ર સેનાનીઓના પરિવારજનોએ એવું વિચાર્યું કે આગળ બેસી જઈએ. જેથી તેઓ આગળ બેસી ગયા હતાં.